આજનો સુવિચાર

દરેક વૃક્ષ ફળ આપે તે જરૂરી નથી, કેટલાક વૃક્ષો ફળ નથી આપતા પરંતુ ઠંડો છાંયો તો આપે જ છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૬૩ જૂનાગઢ તા.૧૮-૧૦-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 263, Junagadh : Date : 18 October, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# અમેરીકા પણ કેનેડાની પડખે ચડયું : પન્નુની હત્યાનાં ષડયંત્રમાં 'રો'નાં અધિકારીની સંડોવણીનો આરોપ મુકયો

## ભૂતકાળમાં ન્યુયોર્ક દૂતાવાસમાં ફરજ બજાવી ગયેલ 'રો'નાં અધિકારી વિકાસ યાદવ સામે હત્યાનું કાવતરૂ, મની લોન્ડરીંગ સહિતનાં ત્રણ ગુના નોંધાયા : ભાગેડુ જાહેર કરવાની પ્રક્રિયા હાથ ધરી : અમેરીકાની અદાલતમાં ૧૮ પાનાનો દસ્તાવેજ રજુ કરાયો

નવી દિલ્હી, તા.૧૮: યુએસ જસ્ટીસ ડિપાર્ટમેન્ટે ભારતીય ગુપ્તચર એજન્સી RAW ઓફિસર પર શીખ આતંકવાદી ગુરૂપતવંત સિંહ પન્નુની હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો છે. ગુરુવારે ન્યૂયોર્કમાં યુએસ કોર્ટ સમક્ષ આ દાવો કરવામાં આવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે ગત ઉનાળામાં વડાપ્રધાન મોદીની મુલાકાત દરમિયાન અને તેની આસપાસ આ ઘટના બની હતી. અમેરિકી અધિકારીઓએ કથિત આરોપીની ઓળખ ૩૯ વર્ષીય વિકાસ યાદવ તરીકે કરી છે. તેમણે કેબિનેટ સચિવાલયમાં કામ કર્યું હતું જેમાં રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ, ભારતની વિદેશી ગુપ્તચર સેવા છે. એવું માનવામાં આવે છે કે યાદવ હવે સરકારી કર્મચારી નથી. વિકાસ યાદવ પર હત્યાનું કાવતરું અને મની લોન્ડરિંગ સહિત ત્રણ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે.

હજુ એક દિવસ પુર્વે જ ખાલીસ્તાની નેતા અને ભારત માટે વોન્ટેડ ગુરૂપતસિંહ પન્નુની હત્યા માટેના કહેવાતા ષડયંત્ર સંબંધમાં ભારતીય અધિકારીઓની સંડોવણી અંગે અપાયેલા જવાબથી સંતોષ વ્યક્ત કર્યાના માત્ર ૨૪ કલાકમાંજ અમેરિકી અદાલત સમક્ષ દાખલ કરાયેલા દસ્તાવેજોમાં અગાઉ ન્યુયોર્ક દૂતાવાસમાં ફરજ બજાવી ગયેલા ભારતની વિદેશી બાબતોની જાસૂસી એજન્સી 'રો' ના અધિકારી વિકાસ યાદવની સંડોવણી દર્શાવીને તેને 'ભાગેડુ' જાહેર કરવાની પ્રક્રિયા હાથ ધરી છે.

પન્નુ જે અમેરિકા અને કેનેડા બન્નેનું નાગરીકત્વ ધરાવે છે તેની હત્યાના એક કહેવાતા ષડયંત્ર જે અમલમાં આવ્યુ જ ન હતું તે બદલ અમેરિકી એજન્સીએ ચેકોસ્લોવાકીયાથી પ્રત્યાર્પણ કરીને ધરપકડ કરાયેલા નિખિલ ગુપ્તાને ષડયંત્રમાં સહ આરોપી બનાવ્યો છે અને તે હાલ અમેરિકાની જેલમાં છે.

નિખિલ ગુપ્તા જેને આ ષડયંત્રમાં વચેટીયો કે એજન્ટ ગણાવાયો છે તેને જુબાની આપવા મજબૂર કરી અમેરિકા હવે ભારત પર ભીસ વધારે અને વિકાસ યાદવના પ્રત્યાર્પણની માંગ કરી શકે. જો કે ભારત સરકારે અગાઉ જ તે આ પ્રકારના ષડયંત્રમાં સંકળાયેલું હોય તો ઈકાર કર્યો હતો.

'રો' એજન્સી કેન્દ્રીય કેબીનેટ સેક્રેટરી હેઠળ કામ કરે છે. અમેરિકી અદાલત સમક્ષ ૧૮ પાનાના દસ્તાવેજી મનાતા પુરાવા રજુ થયા છે જેમાં 'રો' એજન્ટ વિકાસ યાદવ પર હત્યા માટે ષડયંત્ર રચવા સહિતના આરોપો મુકયા છે અને આગામી દિવસમાં જો તે પ્રત્યાર્પણની માંગણી કરશે તો બન્ને દેશોના સંબંધોમાં નવો ટકરાવ આવી શકે છે.

# કિંમતી ધાતુમાં આગઝરતી તેજી : સોનુ રૂા. ૮૦ હજાર, ચાંદી રૂા.૯૫ હજારની નજીક પહોંચી



મુંબઈ તા.૧૮ ધનતેરસ-દિવાળીના તહેવારો પૂર્વે જ સોના-ચાંદીમાં ભાવો ઐતિહાસીક રેકોર્ડબ્રેક સ્તરે પહોંચી ગયા છે.હાજર બજારમાં સોનુ ૮૦,૦૦૦ ની નજીક પહોંચ્યુ છે તેવી જ રીતે ચાંદીનો ભાવ પણ ૯૫૦૦૦ ને આરે આવી ગયો હતો. વિશ્વ સ્તરે સોના-ચાંદીમાં બે દિવસથી સતત ધરખમ ભાવ વધારો થઈ રહ્યો છે.ઈઝરાયેલ યુદ્ધ વધુ ભીષણ બનવાનાં ભણકારા, અમેરીકામાં ચૂંટણી, ભારત-કેનેડા વચ્ચે તંગ બનતા સંબંધો, દુનિયાની સેન્ટ્રલ બેંકોની ખરીદી સહીતના કારણો છે.

આ સિવાય આવનારા દિવાળી-નાતાલનાં તહેવારોમાં ડીમાંડ વધવાની ગણતરીએ પણ તેજીને ટેકો મળી ગયો છે. આંતર રાષ્ટ્રીય સ્તરે બન્ને કિંમતી ધાતુના ભાવ ઓલ-ટાઈમ હાઈ સ્તારે છે. આજે સોનુ ૨૭૦૦ ડોલરની સપાટી કુદાવી ગયુ હતું અને ૨૭૧૦ ડોલર સાંપડયુ હતું. આજ રીતે ચાંદીનો ભાવ ૩૨ ડોલરની સપાટી કુદાવીને ૩૨.૦૧ ડોલરનો ભાવ થયો હતો. રાજકોટની માર્કેટમાં સોનાનો ભાવ ૭૯૯૦૦ સાંપડયો હતો જે ૮૦,૦૦૦ ની એકદમ નજીક પહોંચ્યો હતો. હાજર ચાંદી ૯૪૮૦૦ થઈ હતી. સોનીબજારનાં વેપારીઓના કહેવા પ્રમાણે ધનતેરસ-દિવાળીના તહેવારો ટાંકણે જ ભાવો ભડકતા વેપારને વ્યાપક અસર થવાની આશંકા છે.

# સુરતનાં કામરેજ ટોલપ્લાઝા પાસે લકઝરી બસ બેફામ બની ૮ વાહનોને હડફેટે લીધા : બેનાં મોતની આશંકા

સુરત તા. ૧૮ સુરત જિલ્લાના કામરેજ ટોલ પ્લાઝા પાસે એક લકઝરી બસના ચાલકે નાનાં-મોટાં ૮ જેટલાં વાહનોને અડફેટે લીધાં હતાં. કામરેજ ચાર રસ્તા પાસે લોકોએ બસના ચાલકને ઝડપી પોલીસને સોંપ્યો હતો. સર્જાયેલ અકસ્માતમાં બેનાં મોત થયાં હોવાની પણ આશંકા છે. સુરત જિલ્લામાં પસાર થતા નેશનલ હાઈવે પર દિન-પ્રતિદિન ગંભીર અકસ્માતના બનાવો વધી રહ્યા છે. ત્યારે વધુ એક અકસ્માતની ઘટના સામે આવી હતી. નેશનલ હાઈવે ૪૮ પર લકઝરી બસ બેફામ બની હતી. કામરેજ ટોલ પ્લાઝાથી ડ્રાઈવર વાહનોને ઉડાવતો કામરેજ સુધી આવ્યો હતો. જેમાં કાર, બાઈક, રિક્ષા સહિતનાં આશરે સાતથી આઠ વાહનોને અડફેટે લીધાં હતાં. કામરેજ પાસે અકસ્માત સર્જનાર બસનું નામ કનૈયા ટ્રાવેલ્સ હોવાનું સામે આવ્યું છે. આ બસ ગુંદા, જામનગર થઈ સુરત આવી રહી હતી. સર્જાયેલ અકસ્માતમાં એક - બે લોકોના મોત થયા હોવાની આશંકા હાલ સેવાઈ રહી છે.

# વિશ્વમાં સૌથી વધુ ૨૩.૪ કરોડ ગરીબો ભારતમાં : પાકિસ્તાન બીજા નંબરે

સંયુકત રાષ્ટ્ર સંઘ તા.૧૮: મોંઘવારી અને બેરોજગારીના તમામ આંકડાઓ વચ્ચે એક રિપોર્ટ સામે આવ્યો છે જે ભારત માટે ખૂબ જ નિરાશાજનક છે. ગ્લોબલ મલ્ટીડાઈમેન્શનલ પોવર્ટી ઈન્ડેક્સને ટાંકીને બહાર પાડવામાં આવેલ ડેટા જણાવે છે કે સમગ્ર વિશ્વમાં ભારતમાં સૌથી વધુ ગરીબ લોકો રહે છે. યુએનના વૈશ્વિક બહુપરિમાણીય ગરીબી સૂચકાંક ૨૦૨૪ની યાદી બહારપાડવામાં આવી છે. જે મુજબ સમગ્ર વિશ્વમાં ૧.૧ અબજથી વધુ લોકો અત્યંત ગરીબીમાં જીવી રહ્યા છે, જેમાંથી ભારતમાં ગરીબોની સંખ્યા સૌથી વધુ છે. સૌથી વધુ લોકો ગરીબીમાં જીવતા પાંચ દેશો સૌથી વધુ લોકો ગરીબીમાં જીવતા પાંચ દેશો. જેમાં ભારત ટોચ પર છે, અહીં ૨૩.૪ કરોડ લોકો ગરીબ છે. જ્યારે પાકિસ્તાન બીજા નંબર પર છે. પાકિસ્તાનમાં ૯.૩ કરોડ લોકો ગરીબ છે.

# જમ્મુ-કાશ્મીરને પુર્ણ રાજયનો દરજજો આપવાનાં પ્રસ્તાવને રાજય કેબીનેટની મંજુરી

શ્રીનગર તા.૧૮ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાની કેબિનેટે જમ્મુ અને કાશ્મીરને રાજયનો દરજજો પુનઃસ્થાપિત કરવાનો પ્રસ્તાવ પસાર કર્યો છે. ગઈકાલે મળેલી કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર ઓમર ૨ દિવસમાં દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળશે અને તેમને પ્રસ્તાવનો ડ્રાફ્ટ સોંપશે. ૧૬ ઓક્ટોબરે સીએમ તરીકે શપથ લીધા બાદ બીજા જ દિવસે તેમણે ઠરાવ પસાર કર્યો હતો.

# બિહાર લઠ્ઠાકાંડનો મૃત્યુઆંક ૫૩ : ૧૦ની ધરપકડ

ગોપાલગંજ, તા.૧૮: સારણ, સિવાન અને ગોપાલગંજમાં ઝેરી દારૂનો કહેર ચાલુ છે. અત્યાર સુધીમાં ત્રણેય જિલ્લામાં મળીને ૫૩ લોકોના મોત થયા છે. જેમાં સિવાનમાં ૩૯, સારણમાં ૧૨ અને ગોપાલગંજમાં બે લોકોના મોત થયા છે. સિવાનમાં એસઆઈટીએ અત્યાર સુધીમાં ૧૦ લોકોની ધરપકડ કરી છે. આ તમામ લોકો પર દારૂની હેરાફેરીનો આરોપ છે.

# સલમાનખાનને મારી નાખવાની ધમકી સાથે રૂા.૫ કરોડની ખંડણી માંગી

મુંબઈ, તા.૧૮: મહારાષ્ટ્ર સરકારના પૂર્વ મંત્રી અને નેશનલ કોંગ્રેસ પાર્ટીના નેતા બાબા સિદ્દીકીની હત્યા બાદ દેશભરમાં સનસનાટી મચી ગઈ હતી. શુક્રવારે બાબા સિદ્દીકીના નજીકના ફિલ્મ અભિનેતા સલમાન ખાનને જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. તેને ધમકી આપનાર વ્યકિતએ વોટ્સએપ મેસેજ પર ૫ કરોડ રૂપિયાની માંગણી કરી છે. જો કે પોલીસે આ ધમકી અંગે ખુલાસો કર્યો છે. આ ધમકીમાં કહેવામાં આવ્યું છે કે, આને હળવાશથી ન લો, જો સલમાન ખાન જીવતો રહેવા માંગે છે અને લોરેન્સ બિશ્નોઈ સાથેની દુશ્મની ખતમ કરવા માંગે છે તો તેણે પાંચ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. જો પૈસા નહીં આપવામાં આવે તો સલમાન ખાનની હાલત બાબા સિદ્દીકી કરતા પણ ખરાબ થઈ જશે.

બાબા સિદ્દીકીની હત્યા બાદ મુંબઈ પોલીસ સતર્ક થઈ ગઈ છે. ખાસ કરીને અભિનેતા સલમાન ખાનને લઈને. તેને બાબા સિદ્દીકીના પરિવારની ખૂબ નજીક માનવામાં આવે છે અને ઘણીવાર તેને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે. શુક્રવારે સવારે જ્યારે તેને વોટ્સએપ મેસેજ પર ધમકી મળી ત્યારે પોલીસે તરત જ કોલ ઈન્ટરસેપ્ટ



કર્યો હતો. તેણે કહ્યું કે આ વોટ્સએપ મેસેજ ન તો લોરેન્સ બિશ્નોઈ દ્વારા મોકલવામાં આવ્યો હતો કે ન તો કોઈ ગેંગસ્ટર દ્વારા. તે એક ટીખળ વોટ્સએપ મેસેજ હતો. પોલીસે કહ્યું કે આ કોઈની ટીખળ હતી. મુંબઈ પોલીસે ધમકીભર્યો વોટ્સએપ મેસેજ મોકલનાર વ્યકતિની શોધ શરૂ કરી છે. બોલિવૂડ સ્ટારને છેલ્લા કેટલાક મહિનાઓથી જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે.

# ગતરાત્રે જયપુરમાં સંઘનાં કાર્યક્રમમાં અજાણ્યા શખ્સોનો છરીથી હુમલો : ૮ સ્વયંસેવકો ઘાયલ

જયપુર,તા.તા.૧૮ જયપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના એક કાર્યક્રમ દરમિયાન ચાકુ અને લાકડીઓથી થયેલા હુમલામાં ઘણા લોકો ઘાયલ થયા છે. આ ઘટના ગત મોડી રાત્રે બની હતી જ્યારે શરદ પૂર્ણિમાના અવસરે જયપુરના કરણી વિહારમાં ખીર વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ દરમિયાન છરી અને લાકડીઓ લઈને આવેલા કેટલાક અજાણ્યા લોકોએ સંઘના કાર્યકરો પર હુમલો કર્યો હતો. હુમલામાં ૭ થી ૮ સ્વયંસેવક ઘાયલ થયા હોવાનું કહેવાય છે. ઘાયલોની જયપુરની સવાઈ માન સિંહ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. રાજસ્થાન સરકારના કેબિનેટ મંત્રી રાજ્યવર્ધન સિંહ રાઠોડ, ધારાસભ્ય ગોપાલ શર્મા અને અન્ય લોકો ઘાયલોની ખબર પૂછવા હોસ્પિટલ દોડી ગયા હતા.

આ ઘટનામાં સાતથી આઠ લોકો ઘાયલ થયા છે અને તેમને સારવાર માટે એસએમએસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. કુમારે કહ્યું કે, આ હુમલો અચાનક થયો હતો.રાજસ્થાન ભાજપના ભૂતપૂર્વ વડા અરુણ ચતુર્વેદીએ જણાવ્યું કે આરએસએસ શરદ પૂર્ણિમાના અવસર પર ખીર વિતરણનો કાર્યક્રમ આયોજિત કરી રહી હતી, જ્યાં અચાનક ચાકુ અને અન્ય હથિયારોથી સજ્જ હુમલાખોરોએ સભા દરમિયાન લોકો પર હુમલો કરવાનું શરૂ કર્યું હતું. કરણી વિહાર વિસ્તારમાં ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે. પોલીસ હુમલા પાછળનું કારણ જાણવાનો પ્રયાસ કરી રહી છે.


ઈલેકટ્રીક એન્ડ સેલ્સ સર્વિસ
ખૂબજ વ્યાજબી ભાવમાં અને ખૂબજ સારી સર્વિસ
મોહિત ગોહેલ
મો. ૮૮૬૬૭ ૯૫૨૫૪
વિહોત કૃપા મોટર રીવાઈન્ડીંગ
સ્ટાટર, સબમર્શીબલ પંપ, સેલપ્રાયમીંગ, પંખા, ઓટોલેબલ સેન્સર વગેરે...



શોપ નં.૨, થાણા રોડ, શીતળા કુંડવાળી ગલી, વૃંદાવન એપાર્ટમેન્ટ, જૂનાગઢ

ઉધઈ થી બચો
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો.૯૭૮૭ ૧૦૧૫૦


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

વરૂણ દર્દ નિવારક તેલ
કષ્ટહર તેલમ્
● કમરનો દુઃખાવો ● સાંધાનો દુઃખાવો
● ગરદનનો દુઃખાવો
● માસ પેશીઓનાં દુઃખાવામાં અસરકારક
વ્યાપારીક પુછપરછ આવકાર્ય છે
દિનેશ એજન્સીઝ
આઝાદ ચોક, જૂનાગઢ
સંપર્ક : ૯૯૨૫૫ ૧૧૯૯૭

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
ઓપરેશન કરાવતા પહેલા
આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો.બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટેરીયા, એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)



"Chiropratic"
ગરદન સંબંધિત માથાનો દુઃખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઇજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.



"Tera- Herts"
ટેરાહર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઈબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શકિતને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રવૃતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓકિસજનેશનમાં વધારો કરે છે તેમજ રકત પ્રવાહમાં વધારા કરે છે.



"Kashya Therapy"
શરીરની ગરમી ઘટાડે છે. આંખોમાં થતી બળતરા મટાડે છે. રકત પરિભ્રમણ સુધારે છે.



"Accupressure"
ચોકકસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એકયુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનું સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાન લાગણી ઘટાડે છે. છેલ્લે, એકયુપ્રેશર રકત પરિભ્રમણને સુધારી શકે છે.

KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આઝીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિત્તાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જૂનાગઢ.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



### સમગ્ર ગુજરાતની જીવદયા-ગૌસેવા સંસ્થાઓ દ્વારા

# ગૌમાતાને રાજ્યમાતા બનાવવા તેમજ જીવદયા-ગીસેવા અંગેના વિવિધ પ્રશ્નોની રજૂઆત રાજ્ય સરકાર સમક્ષ કરાશે

**સમસ્ત મહાજન દ્વારા શ્રી વિરમગામ ખોડાઢોર પાંજરાપોળ સંસ્થા ખાતે ગુજરાતનાં જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું અભિવાદન કરાશે**

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ તાતર તોબસ્ટહડટલ - વિરમગામ ખોડાઢોર પાંજરાપોળ સંસ્થા ખાતે ગુજરાત રાજ્યની જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેનાભાઈ પટેલનું ગીમાતા પોષણ યોજના તેમજ અન્ય જીવયાના નિર્ણયો લેવા બદલ સમસ્ત મહાજન તથા સમગ્ર ગુજરાતની જીવદયા/ ગૌસેવા સંસ્થાઓ તરફથી અભિવાદન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમ ૨૦ ઓક્ટોમ્બર, ૨૦૨૪ને રવિવારના રોજ શ્રી વિરમગામ ખોડાઢોર પાંજરાપોળ સંસ્થા ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના જીવદયા પ્રેમી અને સંવેદનશીલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સમગ્ર ગુજરાતની જીવદયા/ ગોસેવા સંસ્યાઓને માર્ગદર્શન આપશે તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હાતે ઓગણ વિડમાં નૂતન શેડનું ઓનલાઈન ખાતમુહુર્ત, ગૌપૂજન, તેમજ સમસ્ત મહાજન દ્વારા તૈયાર કરવામાં આવેલા નવા તળાવોનું લોકાર્પણ તથા તકતી અનાવરણ કરવામાં આવશે. ભારતનાં દીઘર્દ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એક વૃક્ષ મા કે નામ' સૂત્ર અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવશે અને એનીમલ હેલ્પલાઈનની એનિમલ એમ્બ્યુલન્સનું લોકાર્પણ સહિતના કાર્યો યોજાશે. સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી ડો.ગિરીશ શાહે જણાવ્યું હતું કે , સમગ્ર ગુજરાતની જીવદયા-ગૌસેવા સંસ્થાઓ દ્વારા ગૌશાળા-પાંજરાપોળોને પશુ દીઠ, દૈનિક, કાયમી મળતી સબસીડી રૂા. ૩૦ નો બદલે રૂા. ૧૦૦ કરવામાં આવે તેમજ મહારાષ્ટ્ર રાજ્યની જેમ ગુજરાતમાં પણ ગીમાતાને 'રાજ્યમાતા'' નો દરજ્જો આપવામાં આવે તે અંગે રજૂઆત કરવામાં આવશે. આ સિવાય ગૌચર જમીનને સુરક્ષિત કરીને તેનો યોગ્ય ઉપયોગ ગોચર માટે કરવામાં આવે તેની રજૂઆત કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ અનુસાર, ગૌચર જમીનનો ઉપયોગ પશુપાલન માટે જ થાઈ તે અંગે ની રજૂઆત કરવામાં આવશે. આ ઉપરાંત, પાંજરાપોળ અને ગૌશાળાઓને જરૂરિયાત મુજબ માળખાકીય સુવિધા માટે ૩૦૦ કરોડનું ફંડ ફાળવવું, તેમજ સહાય સમયસર ચૂકવી શકાય તે માટે વ્યવસ્થા તંત્ર ગોઠવવા માટેની રજૂઆત કરવામાં આવશે. તેજ રીતે પર્યાવરણ ની રક્ષા માટે પર્યાવરણને નુકસાન કરનાર આ વનસ્પતિ. જે ગૌચર જમીન માટે ખતરો છે. તેને દૂર કરવા માટેની રજૂઆત પણ જીવદયા પ્રેમીઓ દ્વારા કરવામાં આવશે. તેથી ગુજરાતની તમામ જમીનમાંથી ગાંડા બાવળની સંપૂર્ણ રીતે દૂર થાય તે રજૂઆત પણ કરવામાં આવશે. રાજ્યના દરેક ગામ માટે



૧૯૬૨ ફ્રી વેટરનરી એમ્બ્યુલન્સ શરૂ કરવામાં આવે તેમજ દર દસ ગામમાં આવી એક મફત એનિમલ એમ્બ્યુલન્સ સેવા હોય તે અંગેની રજૂઆત પણ કરવામાં આવશે. સ્ટેટ એનિમલ વેલ્ફેર બોર્ડ' લોકો અને સરકાર વચ્ચે સંકલનનું એક મોટું માધ્યમ છે. તેને વધુ કાર્યાન્વિત કરવા અંગે તેમજ તેનું બજેટ વધારવા માટેની રજૂઆત પણ રાજ્ય સરકાર સમક્ષ કરવામાં આવશે. 'ગૌ સેવા આયોગ'ને વધુ કાર્યાન્વિત કરવા માટે તેમજ તેનું બજેટ વધારવા અંગેની રજૂઆત પણ કરવામાં આવશે. રાજ્યમાં અલગથી 'ગૌ મંત્રાલય'ની સ્થાપના કરવામાં આવે તે અંગેની પણ રજૂઆત કરવામાં આવશે. રાજ્યના દરેક પોલીસ સ્ટેશનમાં એક અધિકારી હોવો જોઈએ જે પ્રાણી કલ્યાણ વિશે જાણકાર હોય અને પ્રાણી કલ્યાણના કેસોમાં મદદ કરી શકે તે અંગેની પણ રજૂઆત કરવામાં આવશે. રાજયમાં પંચગવ્ય આધારીત તાલીમ કેન્દ્રની સ્થાપના કરવામાં આવે તે સહિતની રજૂઆતો પણ કરવામાં આવશે. સમસ્ત મહાજનના સંગઠન મંત્રી મિતલ ખેતાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતનાં જીવદયા પ્રેમીઓ, ગૌસેવકો તેમજ ગૌશાળા, પાંજરાપોળોનાં સંચાલકો દ્વારા ગૌશાળા, પાંજરાપોળોને સ્વાવલંબન તરફ વાળવા, ગૌ આધારીત સંસ્કૃતિનું પુનઃસ્થાપન, ગૌચર વિકાસ, ગૌ આધારીત કૃષિ-આરોગ્ય અને પર્યાવરણઅર્થે જનજાગરણ, ગૌપાલન, જીવરક્ષા અંગેના વિવિધ કાયદાઓનું નિર્માણ તથા હાલના કાયદાઓના કડક અમલીકરણ, ગૌ સંવર્ધનને પ્રોત્સાહન, ગૌશાળા— પાંજરાપોળની આંતર માળખાકિય સુવિધાઓ ઉભી કરવા, પશુ-પક્ષીઓના આરોગ્યની જાળવણી, રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના ઉપયોગ ઉપર પ્રતિબંધ લાદવા, ગામડાઓની ગૌચરનો વિકાસ કરવા, દેશી વૃક્ષોનાં વાવેતરમાં વધારો કરવો, જળ સંરક્ષણ. ભાવના અને વિજ્ઞાનનો સમન્વય, માનવ માત્રમાં પક્ષીઓ, પ્રાણીઓ પ્રત્યે વધુ કરૂણા જગાડવી, વરસાદી પાણીનો સંગ્રહ, સ્વચ્છ દૂધ ઉત્પાદનોની ઉપલબ્ધી, પાકની રક્ષા માટે અહિંસક-સ્વદેશી ઉપચારો, શાકાહાર પ્રચાર- પ્રસાર અંગેના પ્રશ્નો સહિતના પ્રશ્નોની પરિણામલક્ષી ચર્ચા રાજ્ય સરકાર સમક્ષ કરવામાં આવશે.

# કોડીનાર તાલુકાના દેવળી ગામના યુવાન ધનરાજસિંહ મોરીની કોન બનેગા કરોડપતિમાં હોટ સીટ ઉપર પસંદગી

**તા. ૨૧/૧૦ અને ૨૨/૧૦ ના રોજ Sony TV ઉપર રાત્રીના ૯:૦૦ કલાકે પ્રસારણ થશે**

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૧૮

કોડીનાર તાલુકાના દેવળી (દેદાજી) ગામ અને શ્રી ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજના સ્વ.પ્રોફેસર ડો.ધીરૂભાઈ અમરસિંહભાઈ મોરીનાં સુપુત્ર ધનરાજસિંહ મોરીએ અમિતાભ બચ્ચન દ્વારા ચલાવવામાં આવતાં KBC ( કોન બનેગા કરોડપતિ)માં એપ્લિકેશન કરી હતી જેમાં તેઓ તમામ ક્રાઈટ એરિયા પાસ કરી હોટ સીટ ઉપર પસંદગી થતાં આગામી તારીખ ૨૧/૧૦ અને ૨૨/૧૦ નો રોજ તેમનું Sony TV ઉપર રાત્રીના ૯:૦૦ કલાકે




તેઓ અમિતાભ બચ્ચન સાથે હોટ સીટ ઉપર આવી તેમનાં નોલેજનો પરિચય આપશે.

એક સામાન્ય ગામડામાંથી નીકળી આટલા વિશ્વ વિખ્યાત શો માટે પસંદગી થવા બદલ દેવળી (દેદાજી) ગામ, સમસ્ત શ્રી ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજ તેમજ સમસ્ત પંથક દ્વારા અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# વીમા વગર વાહન ચલાવવું પડ્યું ભારે, અકસ્માતના બનાવમાં વ્યાજ સહિત ૭૮ લાખની રકમ ચૂકવા વાહન માલિકને કોર્ટનો આદેશ

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૮

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કડોદરા ગામના આશાસ્પદ અને નવયુવાન વિપુલભાઈ રાણાભાઈ વાળા ના અકસ્માત મૃત્યુના કેસમાં કોડીનાર ના મોટર એકસી ક્લેમ ટ્રિબ્યુનલ દ્વારા રૂપિયા ૬૬,૪૫,૦૦૦/- પુરાનું વળતર ૯ % લેખેના વ્યાજ તથા ખર્ચ સાથે વાહન માલિક ને ચૂકવવા આદેશ આપતા ચકચાર મચી જવા પામી છે. આ કેસની ટૂંકમાં વિગત જોઈએ તો ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કડોદરા ગામના આશાસ્પદ અને નવયુવાન સ્વ.વિપુલભાઈ રાણાભાઈ વાળા બાંધકામ કોન્ટ્રાક્ટરનું કામ કરતા હતા અને તેઓ ગત તારીખ ૮/૧૧/૨૦૨૨ના રોજ રાત્રિના આશરે ૯:૩૦ કલાકની આસપાસ તેઓના હવાલા વાળી મોટરસાયકલ રજીસ્ટર નંબર **GJ-32-AB-5913** લઈને ઝાંઝરીયા ગામેથી તેઓનું કામકાજ પતાવી કડોદરા ગામ તરફ આવતા હતા તેવા સમયે કોડીનાર ઉના હાઈવે રોડ પર જાયકા હોટલ હોટલ પાસે પહોંચતા ટ્રેક્ટર રજીસ્ટર નંબર **GJ-17-D-2094**ના ડ્રાઈવરે ગુજરનારની મોટરસાયકલને હડફેટે લેતા વિપુલભાઈને ગંભીર ઈજાઓ થતા તારીખ ૨૭/૧૧/૨૦૨૨ના રોજ અકસ્માતે મોત નીપજેલ જેમાં કોડીનાર પોલીસે અકસ્માત કરનાર ટ્રેક્ટરના ડ્રાઈવરની સામે ધોરણસરની કાર્યવાહી કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ ત્યારબાદ આ બાબતે ગુજરનારના વારસદારોએ કોડીનારના એડવોકેટ પ્રતાપસિંહ વી. ચાવડા દ્વારા કોડીનારના નામદાર મોટર એકસી ક્લેમ ટ્રીબ્યુનલ સમક્ષ તારીખ ૨૧/૧૨/૨૦૨૨ના રોજ ક્લેમ કેસ નંબર ૨૫/૨૦૨૨થી અકસ્માત કરનાર ટ્રેક્ટરના માલિક તેમજ ડ્રાઈવર સામે ક્લેમ અરજી દાખલ કરેલ જે અરજીના કામે મહેરબાન કોડીનારના મોટર એકસી ક્લેમ ટ્રિબ્યુનલ જજ એસ. આઈ. ભોરાણીયાએ આ કામે અરજદારોએ રજૂ કરેલ પુરાવા તથા વકીલ પ્રતાપસિંહ વી ચાવડા ની ધારદાર દલીલો ધ્યાને લઈ તારીખ ૧૪/૧૦/૨૦૨૪ના રોજ ગુજરનારના વારસદારોને વળતરની રકમ રૂપિયા ૬૬,૪૫,૦૦૦/- તેમજ તેના ઉપર અરજીની તારીખથી ૯% લેખેનું વ્યાજ રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૮,૪૫,૦૦૦/- તથા ખર્ચ સહિતની તમામ રકમ ચૂકવવા ટ્રેક્ટર ડ્રાઈવર તથા માલિકની સામે હુકમ કરતા ગીર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. આ બનાવમાં સંડોવાયેલ ટ્રેક્ટરના માલિકે વીમો ઉત્તરાવેલ ન હોય જેથી આવડી મોટી રકમ ટ્રેક્ટરના ડ્રાઈવર તથા માલિક સંયુક્ત તથા વિભક્ત રીતે ચૂકવવા જવાબદાર થયા છે. આના ઉપરથી વાહન માલીકોએ વીમો લેવો કેટલું જરૂરી છે તેનો બોધપાઠ લેવો જોઈએ.

### ભારતીય મજદૂર સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ હિરણ્યમય પંડ્યાના અધ્યક્ષસ્થાને

# સૌરાષ્ટ્રભરના જાહેર જીવનના અગ્રણીઓની ઉપસ્થિતિમાં પુસ્તક લોકાર્પણનો ગરિમા પૂર્ણ કાર્યક્રમ યોજાયો

**દત્તોપંત ઠેંગડીજીનાં આદર્શો અને ત્યાગ તપસ્યા અને બલિદાનનાં સૂત્રને પ્રત્યક્ષ રીતે જીવનમાં ઉતારનાર હસુભાઈ દવે આદર્શ સ્વયંસેવક છે : વજુભાઈ વાળા, દતોપંતજી અને હસુભાઈનાં જીવનવૃત પુસ્તકો કાર્યકર્તાઓ માટે માર્ગદર્શક રૂપ છે : પુરૂષોત્તમ રૂપાલા, દતોપંતજીનું જીવન મારા માટે પ્રેરણા સ્ત્રોત છે : હસુભાઈ દવે**

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૧૮

ભારતીય મજદૂર સંઘના રાષ્ટ્રીય મહામંત્રી તેમજ આંતરરાષ્ટ્રીય સ્તર ભારતનું પ્રતિનિધિત્વ કરનાર શ્રમિક ક્ષેત્રના જાણીતા ચિંતક, આજન્મ સેવાવ્રતી, સર્વ મિત્ર સમાન હસુભાઈ દવે દ્વારા ગુજરાતીમાં અનુવાદિત પુસ્તકો, તેમજ ભારતીય મજદૂર સંઘના રાષ્ટ્રીય નેતા અમરનાથ ડોગરા દ્વારા લિખિત 'હસુભાઈ દવે - જીવનવૃત' પુસ્તકના લોકાર્પણનો કાર્યક્રમને ખૂબ જ ગરિમા મળી અને તે રીતે રાજકોટ ખાતે સંપન્ન થયો. આ પ્રસંગે દેશના જાણીતા ચિંતક શ્રી દતોપંત ઠેંગડીજી જીવનવૃતના ગુજરાતી સંસ્કરણનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

૧૯૭૦ના દાયકામાં મજદૂર પ્રવૃત્તિમાં દાયકાઓ સુધી સાથે કામ કરનાર અને જનસંઘના મોભી ચીમનભાઈ શુક્લની ઓફિસમાં કારકિર્દી શરૂ કરનાર વજુભાઈ વાળા જણાવ્યું હતું કે, રાજકોટ શહેરમાં અમે નાના અને ગરીબ કામદારો અને ખાસ કરીને અસંગઠિત કામદારો માટે યુનિયનની શરૂઆત કરેલી અને ચીમનભાઈ શુક્લને પ્રેરણાથી રાજકોટમાં અનેક યુનિયન અમે ચલાવતા હતા અને બાદમાં મારી સાથે હસુભાઈ દવે જોડાયા, પછીથી મારી રાજનૈતિક ક્ષેત્રમાં જવાબદારી આવી અને હસુભાઈએ આજીવન પોતાનું સમગ્ર જીવન એક પ્રચારકને છાજે તે પ્રકારે રાષ્ટ્રને સમર્પિત કર્યું. માત્ર રાજકોટ - ગુજરાત નહિ પરંતુ રાષ્ટ્રીય સ્તરે હસુભાઈ દવેની મજદૂર નેતા તરીકે આગવી પ્રતિષ્ઠા પ્રસ્થાપિત થઈ. તેઓના જીવનમાં અને તેઓના પરિવારમાં અત્યંત કપરી પરિસ્થિતિઓ આવી છે, ઘરમાં નિર્દોષ નાના બાળકથી લઈ વૃદ્ધ એવા ત્રણ-ત્રણ પરિવારજનોની હત્યા થાય પરંતુ આમ છતાં ધ્યેય માર્ગથી જરા પણ હસુભાઈ દવે વિચલિત ન થયા. આ ખરેખર તો રાષ્ટ્રની એવી ઘટના છે જેની પ્રત્યેક કાર્યકર્તાએ પ્રેરણા લેવી જોઈએ. હસુભાઈ દવે શ્રમિક હિત, ઉદ્યોગહિત અને સમાજહિત એમ ત્રણેય બાબતોનો સુચારુરૂપથી સમન્વય કરી શકનાર વિરલ વ્યક્તિત્વ છે.

રાજકોટના સંસદ સભ્ય અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ ખૂબ જ રસપ્રદ રીતે હસુભાઈ દવે સાથેના સંબંધોના સંભારણા યાદ કરતા જણાવ્યું હતું કે, હું જયારે અમરેલી નગરપાલિકામાં ચીફ ઓફિસર હતો ત્યારે હસુભાઈ દવેનું નગરપાલિકામાં યુનિયન હતું અને રાજકોટ ખાતે અમારે મજૂરોનો કોઈ પ્રશ્નો માટે આવવાનું થાય ત્યારે કામદાર અગ્રણીઓ અને અમે સૌ એસટી બસમાં સાથે મુસાફરી કરતા આવીએ અને હસુભાઈ દવેને મળીએ. તે સમયે પણ શ્રી હસુભાઈ દવે શ્રમિકોને ન્યાય મળે અને આવો ન્યાય પણ વિધિ માન્ય હોય તે પ્રકારનો પ્રયત્ન તેઓનો રહેતો હતો. આમ મારો શ્રી હસુભાઈ દવે સાથે ખૂબ જ જૂનો નાતો રહ્યો છે અને આજે તેઓના જીવનને પ્રત્યક્ષ રીતે નિહાળી અને દિલ્હી કાર્યાલયમાં રહેતા અમરનાથ ડોગરાજીએ 'હસુભાઈ દવે - જીવનવૃત' નામનું પુસ્તક લખ્યું છે તે પ્રત્યેક કાર્યકર્તાઓએ વાંચવું જોઈએ ખાસ કરીને સંગઠનમાં કામ કરનાર કાર્યકર્તાઓને આ પ્રકારના પુસ્તકો ખૂબ જ પ્રેરણાદાયી બની રહેતા હોય છે, મને એ વાતનું ગૌરવ છે અને હું ખાસ ઉલ્લેખ કરવા માગું છું કે શ્રી હસુભાઈ દવે પ્રકારના કર્મઠ કાર્યકર્તા ૨ સ્વયંસેવક જીવનમાં સાચા અર્થમાં પ્રત્યેક કાર્યકર્તા માટે પ્રેરણાદાયી છે.

આ પ્રસંગે હસુભાઈ દવે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક હોવું એ મારા માટે અત્યંત ગૌરવપૂર્ણ છે, ૧૯૬૭માં શ્રમિક જગતમાં મને જવાબદારી આપવામાં આવી અને થોડા જ સમયમાં શ્રી દત્તોપંતજીના સાનિધ્યનો લાભ મળ્યો અને તેઓની પ્રેરણાથી ભારતીય મજદૂર સંઘની વિવિધ જવાબદારીઓ મને આપવામાં આવી, શ્રમિક જગતમાં ખાસ કરીને ભારતીય વિચાર, તેમજ જે કામદારની રોજી રોટી છે તે ઉદ્યોગ પણ ટકી રહે અને કામદારને પૂરતો ન્યાય મળે આવા વિચારથી ભારતીય મજદૂર સંઘ દેશમાં આજે પ્રથમ ક્રમનું ટ્રેડ યુનિયન છે, કામ કરતા કરતા અનેકવિધ સંઘર્ષો આવ્યા છે. સાથોસાથ અત્યંત કપરો સમય પણ આવ્યો છે પરંતુ વિચારધારામાં મારી પૂર્ણ શ્રદ્ધાને કારણે મને હંમેશા વધુ કામ કરવાની પ્રેરણા મળી છે, ચીમનભાઈ શુક્લની ઓફિસમાં મેં અને શ્રી વજુભાઈ વાળાએ સાથે કામગીરીની શરૂઆત કરેલી અને મૂળભૂત રીતે તો સંઘના અમે બધા સ્વયંસેવક અને તેના તે રાષ્ટ્ર કાર્ય કરવાની પ્રેરણા અમને યુવાનીથી જ મળેલી છે. તેનું આજે પણ પૂર્ણ ગૌરવ છે અને હજુ પણ સતત સક્રિયતા સાથે આ ક્ષેત્રમાં સમય આપી અને પ્રદાન કરતા રહીએ તેવી ઈશ્વર શક્તિ આપે તેવી સતત પ્રાર્થના પણ કરતા રહીએ છીએ.

અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતા ભારતીય મજદૂર સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ હિરણ્યમય પંડ્યા એ જણાવ્યું હતું કે હસુભાઈ દવે અમારા સૌ માટે માર્ગદર્શક છે, દેશભરમાં ભ્રમણ કરી અથાક પરિશ્રમ દ્વારા ભારતીય મજદૂર સંઘ ને પ્રથમ ક્રમે લાવવામાં જેઓનો મહત્વપૂર્ણ પ્રદાન છે તેવા શ્રી હસુભાઈ દવે વર્તમાનમાં યુવાનોને શરમાવે તેવી સ્ફૂર્તિથી કામ કરી રહેલ છે, આજે સૌરાષ્ટ્ર ગુજરાતના ભારતીય મજદૂર સંઘના અગ્રણીઓ અહીં હાજર છે ત્યારે સંગઠનના કામ કરનાર દરેક વ્યક્તિએ શ્રી હસુભાઈ દવેના જીવનમાંથી પ્રેરણા લેવી જોઈએ. આ પ્રસંગે એપોલો ટાયર ના જનરલ મેનેજર પી પી શર્મા ખાસ રાજકોટ આવ્યા હતા અને શ્રમિકો અને માલિકોને માટે સમન્વયકારી વલણ લઈ કામદારોને કેવી રીતે ન્યાય અપાવે છે તે સંદર્ભે પોતાના ઉદગારો વ્યક્ત કર્યા હતા. ભરચક હાજરી વચ્ચે આયોજિત આ ગરિમા પૂર્ણ સમારોહમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત સંચાલક મુકેશભાઈ મલકાણ, રાજકોટના ડો. જીતેન્દ્ર અમલાણી, રાષ્ટ્રીય સંગઠન મંત્રી સુરેન્દ્રનજી, ભારતીય જનતા પાર્ટીના શહેર પ્રમુખ મુકેશભાઈ દોશી, સંસદ સભ્ય રામભાઈ મોકરીયા, ધારાસભ્યો રમેશભાઈ ટીલાળા, દર્શિતાબેન શાહ તેમજ પૂર્વ પ્રધાન શ્રી ગોવિંદભાઈ પટેલ, કાર્યકારી કુલપતિ કમલભાઈ ડોડીયા, નાગરિક બેંકના ચેરમેન શ્રી દક્ષિણી, શ્રીજી ગૌશાળાના રમેશભાઈ, ભારતીય મજદૂર સંઘના પ્રદેશ ઉપાધ્યક્ષ સહદેવસિંહ જાડેજા, જાણીતા ચેમ્બર અગ્રણી હીરાભાઈ માણેક, દીપકભાઈ સચદે, વીવીપી કોલેજના ટ્રસ્ટી કૌશિકભાઈ શુક્લ, કશ્યપભાઈ શુક્લ ઉપરાંત શૈલેષભાઈ ઠાકર, ગેલેક્સી ગ્રુપના જીવણભાઈ પટેલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રો. ભરત રામાનુજ, ઉપરાંત કિશોરભાઈ મુંગલપરા જનકભાઈ કોટક, રામજીભાઈ તેમજ રમાબેન માવાણી, ચાન્સેલર બળવંતભાઈ જાની માવજીભાઈ ડોડીયા, પ્રવીણભાઈ ધોળકિયા, રામજીભાઈ શિયાણી, નલીનભાઈ વસા, પૂર્વકુલપતિ નવીન શેઠ, નેહલ શુક્લ, મનીષભાઈ રાડિયા, રિલાયન્સના લીગલ એડવાઈઝર શ્રી યોગેશભાઈ રાજયગુરૂ, ધારાશાસ્ત્રી લલિત સિંહ શાહી, સંજયભાઈ વ્યાસ, જયુભાઈ શુક્લ તેમજ અધિકવક્તા પરિષદના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે નરેન્દ્રભાઈ દવે તેમજ મુરલીભાઈ દવે, ભારતીય મજદૂર સંઘના વાલજીભાઈ ચાવડા, કિરણભાઈ ઓઝા, નયનાબેન ત્રિવેદી, મુસાભાઈ જોબન વગેરે હાજરી આપી હતી. સમારોહનું ઉત્કૃષ્ટ સંચાલન ડો. રમેશ ઘોડાસરાએ કર્યું હતું અને અમરનાથજી તેમજ કલ્પક ત્રિવેદી દ્વારા મોકલાયેલ સંદેશાનુ વાંચન પ્રો. કમલેશ જોશીપુરાએ કર્યું હતું. આ ઉપરાંત દતોપંતજી ઉપર હિન્દીમાં લખાયેલ પુસ્તકનું ગુજરાતી સંસ્કરણ, તેમજ દેશભરમાં પ્રવાસ દરમિયાન શ્રી દતોપંતજી દ્વારા પ્રયોજાયેલ



બૌદ્ધિકની પાંચ જેટલી પુસ્તિકાઓનું ગુજરાતીમાં અનુવાદ શ્રી હસુભાઈ દવે દ્વારા કરવામાં આવ્યો છે, તે પુસ્તકોનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. હસુભાઈ દવેની રાષ્ટ્રીય કક્ષાએ ભારતીય મજદૂર સંઘના રાષ્ટ્રીય મહામંત્રી તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષ પદની જવાબદારી હતી, તે અરસામાં તેઓ ભારતીય મજદૂર સંઘના નવી દિલ્હી ખાતે આવેલ રામ નરેશ ભવન-કાર્યાલયમાં ઘણા વર્ષો સુધી રહેલા અને શ્રી અમરનાથ ડોગરાજીએ હસુભાઈ ખૂબ જ વહેલી સવારે ઉઠી જઈ અને પોતાનું બધું જ કામ જાતે કરી અને આઠ વાગ્યાથી પોતાના કાર્યમાં લાગી જતા અને મોડીરાત સુધી અથાક પરિશ્રમ દ્વારા કાર્યરત રહેતા હતા. કાર્યકર્તાઓને મળવું કાર્યકર્તાઓ સાથે કેવી રીતે વાતચીત કરવી કાર્યકર્તાઓ સાથે વ્યવહાર તેમજ દૂરથી આવેલા નાનામાં નાના કાર્યકર્તાને કેવી રીતે સન્માન આપવું અને તેની વાત કેવી રીતે શાંતિથી સાંભળી અને તેના પ્રશ્નોનો નિવેડો કેવી રીતે લાવવો આ પ્રત્યેક બાબતોનું નિરીક્ષણ અમરનાથ ડોગરા કરતા હતા અને તેઓના નિરીક્ષણ ના આધાર ઉપર તેઓએ આ પુસ્તક લખ્યું છે.

અમરનાથજી પોતાના પુસ્તકમાં જણાવે છે કે ૧૯૯૪ની સાલમાં શ્રી હસુભાઈ દવે રાષ્ટ્રીય મહામંત્રી બન્યા અને તેઓનું હેડ ક્વાર્ટર દિલ્હી નક્કી થયું. દિલ્હી ખાતે રામ નરેશ ભવનમાં શ્રી હસુભાઈ દવેએ ઓફિસ વિભાગની સામે જ પોતાના નાનકડા રૂમમાં પોતાનું નિવાસસ્થાન બનાવ્યું, અને પોતાની દિનચર્યા ના આધાર ઉપર કાર્યકર્તાઓ માટે અત્યંત પ્રેરણા રૂપ એમનું જીવન બની ગયેલ એ સંદર્ભેની નાની નાની ઘટનાઓ આ પુસ્તકમાં વણી લેવામાં આવી છે. માત્ર ગુજરાતની નહિ પરંતુ દેશભરમાં મજદૂર ક્ષેત્રમાં લોકપ્રિય શ્રી હસુભાઈ દવે દેશના જાણીતા મજૂર કાયદાઓના એડવોકેટ પણ છે અને આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર પણ તેઓનું ઉત્કૃષ્ટ પ્રદાન રહેલું છે. સાથોસાથ ગુજરાતમાં આવેલા ૧૨૦ જેટલા વિવિધ ટ્રેડ યુનિયનના અધ્યક્ષ તરીકે પણ જવાબદારી ૩૦ વર્ષ કરતાં પણ વધારે સમય માટે સંભાળી છે. હસુભાઈ દવે ૧૯૯૪ થી ૨૦૦૨ની સાલ સુધી ભારતીય મજદૂર સંઘના રાષ્ટ્રીય મહામંત્રી રહેલા હતા અને ૨૦૦૨ થી ૨૦૦૫ સુધી રાષ્ટ્રીય અધ્યક્ષની જવાબદારી સંભાળી હતી.

વધુમાં ૨૦૦૫ થી ૨૦૧૧ સુધી ફાયનાન્સિયલ ક્ષેત્રો તથા કોલ અને નોન કોલના પ્રભારી તરીકે કામગીરી કરેલ હતી.અત્યારે તેઓ વરિસ્ઠ નાગરિક મહાસંઘના અખિલ ભારતીય અધ્યક્ષ તરીકે જવાબદારી સાંભળી રહેલ છે. તેઓ કે.એસ.પી.સી. રાજકોટમાં ૧૯૯૧ થી પ્રમુખ તરીકેની જવાબદારી પણ સાંભળી રહેલ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનમાં ભારતીય મજદૂર સંઘના અને દેશના પ્રતિનિધિ તરીકે અનેક દેશોમાં તેઓનું જવાનું થયું છે, આ સમગ્ર ગુજરાત માટે પણ ગૌરવની બાબત છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# હિંસા અને સંદેશ

ઉત્તર પ્રદેશના બહરાઇચ જિલ્લાના મહારાજગંજ વિસ્તારમાં રવિવારે સાંજે દુર્ગા પ્રતિમા વિસર્જન સરઘસ દરમ્યાન ડીજે વગાડવાને લઈને બે સમુદાયોમાં થયેલ અથડામણ બાદ શરૂ થયેલ હિંસા અને તણાવનો દોર આગલા દિવસે પણ ચાલુ રહેવો જેટલું દુર્ભાગ્યપૂર્ણ છે એટલું જ ક્ષોભકારી છે શરૂઆતમાં પોલીસ પ્રશાસન દ્વારા રાખવામાં આવેલી લાપરવાહી, જેણે માહોલ બગડવાનો અવસર આપ્યો. ઉલ્લેખનીય છે કે દુર્ગા પ્રતિમા વિસર્જન સરઘસ દર વર્ષે આ જ રસ્તેથી પસાર થાય છે, પરંતુ આ પહેલાં ક્યારેય હિંસા થઈ નથી. આ વખતે જ્યારે ઘટનાસ્થળેથી સરઘસ પસાર થતું હતું ત્યારે પહેલાં મજહબી નારેબાજી અને પછી સરઘસ પર પથ્થરબાજી શરૂ થઈ જે બંને સમુદાયોની અથડામણમાં ફેરવાઈ ગઈ. પરંતુ તોફાનીઓએ તેમાં સરઘસમાંથી એક યુવકને ખેંચીને પોઈન્ટ બ્લેક રેન્જથી ૨૦ ગોળી મારી મોત નિપજાવ્યાના અહેવાલો છે, જે ચિંતિત કરનારું છે. તહેવાર ચાહે ગમે તે ધર્મનો હોય, તેનો ઉદ્દેશ્ય સમાજમાં ખુશી, સામુહિકતા અને ભાઈચારાને ઉત્તેજન આપવાનો હોય છે. દુર્ગા પૂજા પણ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું મહત્ત્વપૂર્ણ અંગ છે. પરંતુ કેટલાક અસામાજિક તત્ત્વો આવા પ્રસંગોનો ઉપયોગ પોતાના અંગત સ્વાર્થ માટે કરે છે, જેનાથી સમાજમાં તણાવ અને વિભાજનની સ્થિતિ પેદા થાય છે.

હિંદુ તહેવારો પર હુમલાની ઘટના માત્ર બહરાઇચ સુધી જ સીમિત નથી. હવે તો આ એક ચોક્કસ પેટર્ન બની ગઈ છે. ગત રવિવારે જ પશ્ચિમ બંગાળમાં પણ દુર્ગા પૂજા પંડાલમાં તોડફોડ કરવામાં આવી. હૈદરાબાદ, કર્ણાટક અને ઝારખંડમાં પણ ગત દિવસોમાં આ જ રીતે દુર્ગા પૂજા તહેવારમાં હુમલા થયા છે. આવી ઘટનાઓ સામાજિક તાણાવાણાને હચમચાવી દેનારી ગંભીર સ્થિતિઓને જ દર્શાવે છે, જે રાષ્ટ્ર નિર્માણના પ્રયાસોને પણ ધક્કો પહોંચાડે છે. આઘટનાઓ સમાજને એ યાદ દેવડાવવાની જરૂર તરફ ઈશારો કરે છે કે વિવિધતા આપણને ત્યારે જ સમૃદ્ઘ કરી શકે છે, જ્યારે આપણે તેનું સન્માન કરી શકીએ. પરંતુ જો આ જ વિવિધતા વિભાજન તરફ અગ્રેસર થાય છે, જેવું કે આઝાદીના તરત બાદ બન્યું હતું અને મજહબના આધારે એક રાષ્ટ્રનો જન્મ થયો હતો, તે કોઈ સમુદાય વિશેષ અથવા તો રાષ્ટ્રહિતમાં નહીં હોય. બહરાઇચ મામલે યોગી આદિત્યનાથે દાખવેલી કડકાઈ બિલકુલ યોગ્ય છે, જે અંતર્ગત તેમણે ઉચ્ચ અધિકારીઓને મોરચા પર ઉતારતાં ધાર્મિક આયોજનોમાં અડચણો ઊભી કરતાં અસામાજિક તત્ત્વોને કડક સંદેશ તો આપ્યો જ છે, સાથે જ લાપરવાહી રાખનારા પર કડક કાર્યવાહી પણ કરી છે. એટલું જ નહીં, ધાર્મિક સંગઠનો સાથે સંવાદ કરીને પ્રતિમા વિસર્જન ચાલુ રાખવાના નિર્દેશ આપતાં તેમણે એવી સ્થિતિઓથી પહોંચી વળવા માટે જરૂરી રણનીતિક સંતુલન પણ દર્શાવ્યું છે. બહરાઇચમાં પેદા થયેલ માહોલના બહાને સામાજિક તાણાવાણા નષ્ટ કરવાની તાકમાં બેઠેલાં તત્ત્વો સફળ ન થઈ શકે, તે સુનિશ્ચિત કરવું જોઇએ. દોષીઓને કડકમાં કડક સજા અને સામાજિક સદ્ભાવની રક્ષા, આ સમયે પ્રશાસનનાં આ બે જ લ-યો હોવાં જોઇએ.

## યાત્રાધામ દ્વારકામાં પુર્ણિમાના દિવસે ગોમતી સ્નાન કરી કાળિયા ઠાકોરને શિશ જૂકાવી ધન્યતા અનુભવતા ભાવિકો



પુર્ણિમાના પાવન અવસરે વહેલી સવારથી ભાવિકોનો મોટો સમુદાય દ્વારકાતીર્થ યાત્રાએ આવી પહોંચેલ. બહારથી પધારેલા ભાવિકો તથા સ્થાનીક લોકોએ પુણ્ય સલીલા ગોમતી નદીમાં સ્નાન કરી પુણ્યનું ભાથુ બાંધેલ. દ્વારકાધીશના દર્શન સાથે પુણ્ય સલીલા અને પાવનકારી ગોમતી નદીમાં સ્નાન કરવાનું પણ પુરાણોમાં વિશેષ મહત્વ આલેખવામાં આવેલ છે.

## દ્વારકાનાં આરંભડા ખાતે આવેલ હઝરત સૈયદ રુકનશાહ વલીની દરગાહે ઉર્ષ



તા.૧૯,૨૦ અને ૨૧ એમ ત્રણ દિવસ નો ઉર્ષનો કાયેક્રમ રાખેલ છે. દર વર્ષની જેમ આ વર્ષે આગામી ૧૯ ઓક્ટોબર ને શનિવાર થી ૨૧ ઓક્ટોબર સોમવાર સુધી ઉર્ષનાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરેલ છે. તા.૧૯ને શનિવારે કુઓન ખવાની મહીલાઓ માટે સવારે ૧૦ વાગે આજ પ્રથમ દિવસે રાત્રે ૨ વાગે ગુશલ શરીફ. તા.૨૦ ને રવિવારે રાત્રે ૧૦ વાગે મિલાદ શરીફ. અને છેલ્લે દિવસે તા. ૨૧ ને સોમવારે સાંજે ૬ વાગે આમ ન્યાઝ? અને રાત્રે ૧૦ વાગે મહેફિલે કવ્વાલી નો શાનદાર કાયેક્રમ રજુ થશે. મેરઠનાં મશહૂર ફનકાર શાહવેઝ શાબરી પોતાની આગવી શૈલીમાં સંગીતમય વાતાવરણ માં કવ્વાલી પ્રસ્તુત કરશર્ ઉપરોક્ત ઉર્ષનાં ત્રણ દિવસનાં કાર્યક્રમમાં પધારવા સૌ હિન્દુ-મુસ્લિમ ભાઈ બહેનો ને પધારવા દરગાહનાં ખાદીમ મસ્તાન બાપુ અને એકતા કમિટી એ આમંત્રણ પાઠવેલ છે.

# જસદણનાં ગેંગરેપ કેસમાં પરેશ રાદડીયાનાં જામીન રદ કરવા હાઈકોર્ટમાં રીટ

અમદાવાદ, તા.૧૮

જસદણના ચકચારી ગેંગરેપના આરોપી અને ભાજપના કાર્યકર પરેશ રાદડિયાના જામીન રદ કરવા માટે પીડિતા તરફથી હાઈકોર્ટના દ્વાર ખખડાવવામાં આવ્યા છે. આ કેસ બુધવારે જસ્ટિસ એમ.આર. મેંગડેની કોર્ટ સમક્ષ ચાલ્યો હતો અને પ્રાથમિક સુનાવણી બાદ જસ્ટિસ મેંગડેએ આરોપી પરેશ રાદડિયાને નોટિસ પાઠવી કેસની વધુ સુનાવણી ૧૭મી ડિસેમ્બરના રોજ મુકરર કરી છે. પ્રસ્તુત કેસમાં પીડિતા વતી એડવોકેટ આનંદ યાજ્ઞિક હાજર રહ્યા હતા. જેમણે કોર્ટને જણાવ્યું હતું કે, દેશની સર્વોચ્ચ અદાલતના ચુકાદા મુજબ પીડિતાને પણ જામીનના કેસમાં ભાગ લેવાનો અધિકાર છે, પરંતુ રાજકોટ સેશન્સ જજે પીડિતાને એ માટે વાજબી તક આપી ન હતી. કોર્ટની કાર્યવાહીના એકદિવસ પહેલાજ આટકોટ પોલીસ તરફથી પીડિતાને એક સૂચના મળી હતી.

એટલું જ નહીં, વર્ષ ૨૦૧૩ પછી 'બળાત્કાર'ની વ્યાખ્યા બદલાઈ ગઈ છે અને યૌન ગુનાઓમાં સમાન રીતે ભાગ લેતા અન્ય આરોપીઓને પણ મદદ કરવી બળાત્કાર સમાન છે અને હાલનો કેસ સામુહિક બળાત્કારનો છે, જે ખૂબ જ ઘૃણાસ્પદ છે. પ્રસ્તુત કેસમાં આરોપી સામે એવો આક્ષેપ છે કે તેણે રેપ દરમિયાન પીડિતાના પગ પકડી રાખી ગુનામાં મદદગારી કરી હતી. તેમ છતાં તેમને જામીન આપવામાં આવ્યા છે.

વધુમાં એવી રજૂઆત કરવામ.. આવી હતી કે, સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલા કાયદાના સિદ્ધાંતથી વિપરીત જઈને રાજકોટ સેશન્સ કોર્ટે જામીન આપતી વખતે એવું નોંધ્યું હતું કે, જામીનના સ્ટેજ પર મામલાનો ઉંડાણપૂર્વકનો અભ્યાસ ન કરી શકાય. વળી, તેમણે શંકાનો લાભ આપતાં આરોપીને જામીન પણ આપ્યા હતા. પીડિતાને મળતી ધાકધમકીને લીધે FIRમાં વિલંબ થયાની બાબત પણ લખવામાં આવી હતી, તેમ છતાં આરોપીને શંકાનો લાભ આપી કોર્ટે જામીન આપ્યા છે. તેથી આવા સંજોગોમાં નીચલી અદાલતની ભૂલોને ધ્યાનમાં લેતાં આરોપી રાદડિયાના જામીન રદ કરવા જોઈએ.

રાજકોટના જસદણ તાલુકાના આટકોટ ખાતે ડી.બી. કધયા છાત્રાલયમાં રેક્ટર તરીકે ફરજ બજાવતી મહિલાએ રાદડિયા અને અન્ય એક આરોપી મધુભાઇ ટાઢાણી પર રેપના આક્ષેપ લગાવ્યા છે. વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪ સુધી પીડિતા આ છાત્રાલયમાં જ રહેતા હતા ત્યારે જુલાઇ ૨૦૨૩માં ટાઢાણીએ તેમને બોલાવ્યા હતા અને ત્યારબાદ ટાઢાણી અને રાદડિયા બંને રૂમમાં આવ્યા હતા અને પીડિતાની છેડતી કરી હતી.

ત્યારબાદ આરોપીઓએ તેને પકડી રાખી વારાફરતી રેપ કર્યો હતો. ગુનો આચર્યા બાદ જતી વખતે તેમણે પીડિતાને ધમકાવી હતી કે, તેઓ રાજકારણ અને પોલીસમાં વગ ધરાવે છે અને વગદાર વ્યક્તિઓ છે, તેથી જો કોઈને ઘટના વિશે જણાવશે તો તેને અને તેના કુટુંબને જાનથી મારી નાખશે. આ પછીથી પણ એક યા બીજા બહાને પીડિતાની રૂમ પર આવીને આરોપીઓએ ઘૃણાસ્પદ કૃત્ય આચર્યુ હતું. ચકચારી સામુહિક રેપ કેસમાં પીડિતાએ ભાજપનાં કાર્યકર અને આરોપીની જામીન અરજી રદ કરવા હાઈકોર્ટમાં દાદ માંગી છે.

## પ્રવાસીનાં સામાનની ચોરી માટે રેલ્વે જવાબદાર મુસાફરને રૂા.૪.૭ લાખના વળતરનો આદેશ



નવી દિલ્હી,તા.૧૮

રેલવે ટ્રેનમાંથી મુસાફરોનાં સામાનની ચોરી થાય તો જવાબદારી રેલવેની બનતી હોવાનો ચુકાદો રાષ્ટ્રીય ગ્રાહક તકરાર નિવારણ પંચે આપ્યો છે. મુસાફરને રૂા.૪.૭ લાખનું વળતર ચુકવવાનો હુકમ કર્યો હતો. મે ૨૦૧૭ માં અમરકંટક એકસપ્રેસમાં દુર્ગ સ્થિત દિલીપ ચતુર્વેદીએ મુસાફરી કરી હતી. ટ્રેનમાંથી ૯.૩ લાખની કિંમતનો સામાન ચોરાઈ ગયો હતો. આ અંગે રેલવે પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી. તેઓએ ગ્રાહક પંચમાં પણ વળતર માટે દાવો કર્યો હતો. ગ્રાહક પંચે વળતર આપવાનો ચુકાદો આપ્યો હતો. રેલવેએ આ આદેશને રાજય ગ્રાહક પંચમાં પડકારતા દુર્ગ જીલ્લાના ગ્રાહક પંચનાં આદેશને રદ કરાયો હતો તે સામે ફરિયાદીએ રાષ્ટ્રીય પંચમાં રિવીઝન અરજી કરી હતી. રીઝવર્ડ કોચમાં બહારની વ્યકિતઓનો પ્રવેશ રોકવામાં ટીટીઈ તથા પોલીસ સ્ટાફ બેદરકાર રહ્યો હતો અને એટલે સામાન ચોરાયાની દલીલ કરી હતી. સામાન ચેઈનથી બાંધીને પુરતી તકેદારી રાખી હોવા છતાં ચોરી થઈ હતી તે માટે રેલવેની બેદરકારી જવાબદાર છે.

રાષ્ટ્રીક ગ્રાહક પંચે ચુકાદામાં કહ્યું કે, મુસાફરના સામાનની ચોરી માટે રેલવે જવાબદાર છે.રેલવે સ્ટાફ પ્રવાસીને સેવા આપવામાં નિષ્ફળ રહ્યું છે.રિઝવર્ડ કોચમાં કિંમતી સામાન સાથે પ્રવાસ કરતાં મુસાફરો તથા તેના સામાનની કાળજી રાખવાની રેલવેની ફરજ બને છે. રેલવે કાયદાની કલમ ૧૦૦ હેઠળ રેલવે મારફત સામાનનું બુકીંગ કરાવીને રીસીપ્ટ લેવામાં આવી ન હોય તો તેની ચોરી, નુકશાન, કે નષ્ટ થવા માટે જવાબદારી ન હોવાની રેલવેની દલીલ ગ્રાહક કોર્ટે ફગાવી દીધી હતી. ફરીયાદીને માનસીક પીડા પેટે પણ રૂા.૨૦,૦૦૦ આપવા આદેશ કર્યો હતો.

## J&Kમાં અબ્દુલ્લા પરિવારની પાવર ગેમ મુખ્યમંત્રી તરીકે કેજરીવાલ જેવી હાલત ન થાય એ માટે ઓમર અબ્દુલ્લાએ બદલ્યા સૂર, NDA સાથે હાથ મિલાવે એવી પ્રબળ સંભાવના


નવી દિલ્હી તા. ૧૮

કેન્દ્ર શાસિત પ્રદેશ બન્યા બાદ પાંચ વર્ષ પછી જમ્મુ-કાશ્મીરને નવા મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા મળ્યા છે. ઓમર અબ્દુલ્લાએ મુખ્યમંત્રી તરીકે શપથ તો લઈ લીધા, પણ કેન્દ્ર સરકારે તેમની પાંખો કાપી લીધી છે. મોટા ભાગની સત્તા કાશ્મીરના ઉપ-રાજ્યપાલ પાસે રહેશે. એટલે ઓમર અબ્દુલ્લાએ લેફ્ટનન્ટ ગવર્નરને પૂછી-પૂછીને પાણી પીવું પડશે. આમાં બે વાત છે. જો ઓમર અબ્દુલ્લા કેન્દ્ર સરકાર સામે શિંગડાં ભરાવશે તો કેજરીવાલ જેવા હાલ થશે અને ૫ વર્ષ સરકાર સારી રીતે ચલાવવા અબ્દુલ્લા NDA સાથે હાથ મિલાવી લે તો નવાઈ નહીં.

જમ્મુ-કાશ્મીરની ચૂંટણીમાં નેશનલ કોન્ફરન્સનો હાથ ઉપર રહેતાં ઓમર અબ્દુલ્લા ફરી એકવાર મુખ્યમંત્રી બન્યા છે. ઓમર ૨૦૦૯થી ૨૦૧૪ સુધી જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી હતા જ, પણ ત્યારે દિલ્હીમાં દરબાર જુદો હતો, હવે સ્થિતિ અલગ છે. ઓમર અબ્દુલ્લા એ વાત બરાબર જાણે છે કે કેન્દ્ર સરકાર સામે નહોર ભરાવીને કામ નહીં થાય. બીજું, અબ્દુલ્લા સરકારમાં કોંગ્રેસને મંત્રીપદ મળ્યું નથી અથવા તો કોંગ્રેસે લીધું નથી.

જમ્મુ-કાશ્મીરની રાજનીતિને ખૂબ નજીકથી જાણતા તજજ્ઞોને લાગે છે કે કેન્દ્રની ભાજપ સરકાર અને અબ્દુલ્લા પરિવાર એકબીજાની નજીક આવી રહ્યાં છે. જમ્મુ-કાશ્મીરમાં સરકાર બનાવવા જઈ રહેલા નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાએ આ દિવસોમાં ઘણી એવી વાતો કહી છે, જે આ વાતની પુષ્ટિ પણ કરે છે. કાશ્મીરના સીએમ ઓમર અબ્દુલ્લાએ થોડા દિવસ પહેલાં જ કહ્યું હતું કે તેમને ૪ અપક્ષનું સમર્થન મળ્યું છે અને સમર્થન માટે કોંગ્રેસ સાથે પણ વાતચીત ચાલી રહી છે. 'સમર્થન માટે કોંગ્રેસ સાથે વાતચીત ચાલી રહી છે'- તો લોકો હેરાન થઈ ગયા કે સમર્થન માટે કોંગ્રેસ સાથે વાતચીત શા માટે થઈ રહી છે? કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ બંનેએ સાથે મળીને ચૂંટણી લડી હતી. સમર્થનની વાત આમાં ક્યાંથી આવી? રાજકીય તજજ્ઞોને લાગે છે કે ઓમર અબ્દુલ્લાના મગજમાં કંઈક બીજું જ ચાલી રહ્યું છે, કારણ કે ઓમરે ઓછામાં ઓછા ત્રણ વખત એવી વાતો કહી છે, જેનાથી લોકોને લાગ્યું કે હવે તેમને કોંગ્રેસની જરૂર નથી. તેના બદલે તેઓ ભાજપની નજીક જવા ઉત્સુક છે.

## આરોગ્ય સેવાના દાવા વચ્ચે તબીબી ખર્ચમાં ગુજરાત દેશભરમાં ૪ થા ક્રમે



### શહેરી ગુજરાતીઓનો હોસ્પિટલાઈઝેશન ખર્ચ રૂા.૭૦૦૦ : શહેરો કરતા ગ્રામ્ય પરિવારોને મેડિકલ ખર્ચ ઘણો ઓછો

અમદાવાદ તા. ૧૮

કેન્દ્ર સરકારનાં અહેવાલ મુજબ ગુજરાતમાં શહેરી પરિવાર વાર્ષિક રૂ. ૭૦૦૦ થી વધુનો ખર્ચ હોસ્પિટલમાં દાખલ થવા માટે કરે છે, જે ભારતનાં તમામ રાજ્યોમાં ચોથા ક્રમે છે. નેશનલ સેમ્પલ સર્વે ઑફિસ દ્વારા જુલાઈ ૨૦૨૨ થી જૂન ૨૦૨૩ દરમિયાન કરવામાં આવેલાં વ્યાપક વાર્ષિક મોડ્યુલર સર્વેમાં બહાર આવ્યું છે કે ગુજરાતમાં શહેરી પરિવારો હોસ્પિટલમાં દાખલ થવા પાછળ વાર્ષિક સરેરાશ રૂ. ૭૭૧૧ ખર્ચ કરે છે. કેરળમાં શહેરી પરિવારો રૂ. ૧૩૧૪૦, નો ખર્ચ કરે છે જયારે મહારાષ્ટ્ર રૂ. ૯૧૨૨, અને પંજાબ રૂ. ૮૨૭૨ હોસ્પિટલમાં દાખલ થવા માટે ખર્ચે છે.

અહેવાલમાં જણાવાયું છે કે, ગુજરાતમાં ગ્રામીણ પરિવારો હોસ્પિટલમાં દાખલ થવા માટે ૪૦૭૧ નો ખર્ચ કરે છે જે નોંધપાત્ર રીતે ઓછો ખર્ચ છે અને દેશનાં તમામ રાજ્યોમાં ૧૨ મા ક્રમે આવે છે અહેવાલ એ પણ દર્શાવે છે કે શહેરી ગુજરાતમાં હોસ્પિટલમાં દાખલ થવા પાછળ વ્યક્તિ દીઠ ખર્ચ રૂ. ૨૦૧૪ પ્રતિ વર્ષ હતો, જે દેશમાં છઠ્ઠા નંબરે સૌથી વધુ છે. ગ્રામીણ ગુજરાતમાં તે રૂ. ૮૭૪ હતો, જે ૧૨મા ક્રમે છે.

ગુજરાતની ગ્રામીણ વસ્તી તેમનાં શહેરી સમકક્ષો કરતાં ૪૮ ટકા ઓછી ચૂકવણી કરે છે, અને માત્ર પાંચ રાજ્યો હરિયાણા, કર્ણાટક, ઉત્તરાખંડ, અરૂણાચલ પ્રદેશ અને પંજાબમાં હોસ્પિટલમાં દાખલ ખર્ચ વધુ છે. ગુજરાતનાં શહેરી વિસ્તારોમાં હોસ્પિટલમાં દાખલ થવા દરમિયાન ઘર દીઠ ખર્ચ વાર્ષિક રૂ. ૫૫૨૮ છે, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં તે રૂ. ૩૭૫૮ હતો. શહેરી ગુજરાતમાં વ્યક્તિ દીઠ ખર્ચ રૂ. ૧૪૪૪ છે, જ્યારે રાજ્યનાં ગ્રામીણ વિસ્તારોમાં વ્યક્તિ માટે તે રૂ. ૮૦૭ છે.

- ગુજરાતમાં હેલ્થકેર ખર્ચનો અંદાજ
- શહેરી પરિવારો દ્વારા હોસ્પિટલમાં દાખલ થવા પાછળ થતાં વાર્ષિક ખર્ચની વાત કરવામાં આવે તો ભારતનાં તમામ રાજ્યોમાં ગુજરાત ચોથા ક્રમે છે
- વર્ષ દરમિયાન શહેરી વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતાં વાર્ષિક ખર્ચમાં પણ રાજ્ય દેશમાં છઠ્ઠાં ક્રમે છે.
- સરેરાશ, શહેરી ગુજરાતમાં એક વ્યક્તિ હોસ્પિટલમાં દાખલ થવા પાછળ વાર્ષિક રૂ. ૨૦૧૪ ખર્ચે છે.
- ગુજરાતનાં શહેરી વિસ્તારોમાં વાર્ષિક સરેરાશ એક પરિવારમાંથી ચાર વ્યક્તિને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડે છે.
- ગ્રામીણ વિસ્તારોમાં એક પરિવારમાંથી લગભગ પાંચ વ્યક્તિઓને વાર્ષિક હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડે છે.
- ગ્રામીણ ગુજરાતમાં રહેતાં લોકો શહેરી વિસ્તારોની સરખામણીએ હોસ્પિટલમાં દાખલ થવા પાછળ દર વર્ષે ૪૮ ટકા ઓછો ખર્ચ કરે છે.

## ખંભાળિયામાં સગીર ભત્રીજા દ્વારા ફઈ ઉપર દુષ્કર્મ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૮

ખંભાળિયામાં રહેતા એક મુસ્લિમ પરિવારના સગીર દ્વારા પોતાના ફઈ ઉપર દુષ્કર્મ ગુજાર્યાનો બનાવ સામે આવ્યો છે. ખંભાળિયા શહેરના આ ચકચારી બનાવની જાણવા માટે વિગત મુજબ શહેરના એક વિસ્તારમાં રહેતા સગીર વયના કિશોર દ્વારા પોતાના પુખ્ત વયના ફઈબા ઉપર દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું. આ બનાવને અનુલક્ષીને અહીંના ડી.વાય.એસ.પી. ડો. હાર્દિક પ્રજાપતિ તેમજ પી.આઈ. બી.જે. સરવૈયાની ટીમ દ્વારા ફરિયાદ દાખલ કરી અટકાયત કરવા સહિતની કાર્યવાહી કરવામાં આવી હતી.

## જયેશભાઈ રાદડીયાના વરદ હસ્તે ખેતી બેંકની જેતપુર (કાઠી) શાખાની નવી ઓફિસનું ઉદ્ઘાટન કરાયું





### બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચા, ભા.જ.પા. યુવા પ્રમુખ પ્રશાંતભાઈ કોરાટ, જિલ્લા ડિરેક્ટર હરદેવસિંહ જાડેજા ઉપસ્થિત રહેલ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭

ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક(ખેતી બેંક) રાજ્યના ખેડૂતોને મધ્યમ અને લાંબા સમય માટે વર્ષ ૧૯૫૧થી કૃષિ વિષયક ધિરાણ કરતી રાજ્યની અગ્રગણ્ય સહકારી બેંક છે. ખેતી બેંકની જેતપુર(કાઠી) શાખાની નવી ઓફિસનું ઉદ્ઘાટન બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચાના અધ્યક્ષ સ્થાને અને પૂર્વ કેબિનેટ મંત્રી અને જેતપુર જામ કંડોરણા ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્ય યુવા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ પ્રશાંતભાઈ કોરાટ, રાજકોટ જિલ્લા ડિરેક્ટર હરદેવસિંહ ટી. જાડેજા અને સહકારી આગેવાન દિનેશભાઈ ભૂવા તથા મોટી સંખ્યામાં જિલ્લાના સહકારી આગેવાનો અને બેંકના પ્રતિનિધિ અને સભ્ય ઉપસ્થિત રહી શુભકામના પાઠવી અને આ પ્રસંગ બેંકના ચેરમેન દ્વારા સભ્યનું ભવ્ય સન્માન કરવામાં આવ્યુંહતું. બેંકની બ્રાન્ચ શહેરની મધ્યમાં આવી જતા ખેડૂત ભાઈઓએ રાજીપો વ્યક્ત કર્યો હતો. ખેતી બેંકના રાજકોટ જિલ્લા ડિરેક્ટર હરદેવસિંહ ટી. જાડેજાએ આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચાનું સન્માન કરેલ અને ઉપસ્થિત મહાનુભાવોનું પણ હૃદયપૂર્વક સ્વાગત કરી બહુમાન કરેલ હતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કામચોર સિંહથી મહેનતુ કૂતરો વધુ સારો હોય છે.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ખોરદાદ-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો વદ-૧, તા.૧૮ ઓક્ટોબર ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૫, મુસ્લિમ તા.૧૪, અશ્વિની નક્ષત્ર, વજ્ર યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૫૦, સૂ.અ.૬:૨૩

આજનો દિવસ બપોરે ૧:૨૫ ક. સુધી શુભ છે.


આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મનની મૂંઝવણ મનમાં જ રહે. વ્યર્થ ક્રોધ રહે.
વૃષભ:અચનાક પ્રવાસ થાય. મહામહેનતે કાર્યમાં સફળતા મળે.
મિથુન:કાર્યબોજ વિશેષ રહે. શેર-સટ્ટા, લોટરીમાં લાભ મળે.
કર્ક: આર્થિક લાભ મળે, મનની મુરાદ બર આવે.
સિંહ: ગૃહસ્થીજીવનમાં આનંદ રહે. વણસેલા સંબંધો સુધરે.
કન્યા: કોર્ટ-કચેરીના કાર્યોમાં લાભ થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.
તુલા: વ્યર્થ ચિંતા દૂર થાય. આનંદપૂર્ણ દિવસ વિતે.
વૃશ્ચિક:મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. તકનો લાભ ઉઠાવજો.
ધન: લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. મનની મૂંઝવણ દૂર થાય.
મકર: વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. આંધળો વિશ્વાસ મૂકીને કામ કરવાની વૃત્તિ ટાળવી.
કુંભ: યશ-માનમાં ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે.
મીન: સ્વભાવમાં ઉગ્રતા રહે. ધારી સફળતામાં વિલંબ રહે.

# નવી ટેકસટાઈલ નીતિમાં કેપિટલ, પાવર-વ્યાજ સબસિડીમાં લાભ : એક લાખ કરોડના મૂડીરોકાણનો અંદાજ : મુખ્યમંત્રી

## ગુજરાતના ઔદ્યોગિક એકમો માટે રૂા.૧૧૦૭ કરોડની સહાય; મહિલા રોજગારી-સ્વ-સહાય જૂથો પર પ્રથમવાર ફોક્સ



ગાંધીનગર,તા.૧૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકાસ સપ્તાહની રાજયવ્યાપી ઉજવણી અંતર્ગત આયોજિત ઉદ્યોગ સાહસિકતા દિવસે ગુજરાત ટેકસટાઈલ પોલિસી ૨૦૨૪નું લોન્ચિંગ કર્યું હતું. જેમાં વેલ્યુ ચેઈન અને રોજગાર સર્જનને મહત્વ આપતા મહિલાઓ ઉપર પ્રથમવાર ફોકસ અપાયું છે અને વિવિધ પ્રકારના પ્રોત્સાહનો જાહેર કરાયા છે. ૧૦ મહિના લેટ જાહેર નવી નીતિમાં કેપિટલ સબસિડી, વ્યાજ તથા પાવર સબસિડીમાં વધારો કરાયો છે. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળમાં રાજયના કપાસ ઉદ્યોગ અને ટેકસટાઈલ સેકટરને વિશ્વ ફલક આપવા ફાર્મ ટુ ફાઈબર, ફાઈબર ટુ ફેબ્રિક, ફેબ્રિક ટુ ફેશન અને ફેશન ટુ ફોરેનની ફાઈવ 'એફ' ફોર્મ્યુલા આધારિત ટેકસટાઈલ પોલિસી ૨૦૧૨માં આપીને આ ઉદ્યોગને નવી દિશા આપી હતી. એટલું જ નહી આના પરિણામે રાજયમાં ટેકસટાઈલ ઉદ્યોગ માટેની સુદૃઢઈકોસીસ્ટમનું નિર્માણ થયું અને ૩૫ લાખ જેટલા સ્પીન્ડલ્સની સ્થાપના થઈ સાથોસાથ ૩૫ હજાર કરોડ રૂપિયાનું રોકાણ થયું અને અઢી લાખથી વધુ રોજગારી ઉભી થઈ છટેકસટાઈલ પોલિસીની સફળતાને પગલે ૨૦૧૭માં ગાર્મેન્ટ અને એપેરલ ઉદ્યોગ માટે પાંચ વર્ષની ખાસ નીતિ જાહેર કરવામાં આવી હતી તેમ તેમણે જણાવ્યું હતું.

૨૦૧૭ની ખાસ નીતિ પછી ૨૦૧૯માં નવી પોલિસી જાહેર કરવામાં આવી અને આ બધી જ પોલિસીઝને પરિણામે રાજયના કાપડ ઉદ્યોગને વેગ મળતા પાંચ લાખ જેટલી પ્રયત્ક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન થયું હોવાનું જણાવતા તેમણે ટેકસટાઈલ પોલિસી ૨૦૨૪ની જાહેરાત કરતા જણાવ્યું કે ગુજરાતમાં ૪૦ ટકા ફેબ્રિકનું ઉત્પાદન મેન મેડ ફાઈબરમાંથી થાય છે અને ટેકનિકલ ટેકસટાઈલના ઉત્પાદનમાં ગુજરાત ૨૫ ટકાનો ફાળો આપે છે. કાપડ ઉદ્યોગ રાજયની અર્થવ્યવસ્થા સાથે દેશની આર્થિક પ્રગતિમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. આ સંદર્ભમાં રાજય સરકારે ટેકસટાઈલ વેલ્યુ ચેઈનના દરેક સેગમેન્ટનું એનાલિસીસ કરીને ગારમેન્ટ અને એપેરલ તથોકનિકલ ટેકસટાઈલમાં વિશેષ ફોકસ કરવાનો વ્યૂહ આ નવી ટેકસટાઈલ પોલિસીમાં અપનાવ્યો છે. આ ટેકસાઈલ પોલિસીમાં પહેલવાર ગ્રામીણ અને શહેરી ક્ષેત્રની મહિલાઓના સ્વ-સહાય જૂથ-સેલ્ફ હેલ્પ ગ્રુપના સશકિતકરણ અને આવક વૃદ્ધિ ઉપર ભાર મુકવા સાથે રોજગારીની તકો વધુ મજબૂત બનાવવાની નેમ રાખી છે. ભારતને ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનાવવા માટે ટેકસટાઈલ સેકટર પૂરક બને અને વિકસીત ભારત @ ૨૦૪૭માં ગુજરાત અગ્રીમ યોગદાન આપે તેવા ઉદાત્ત અભિગમથી આ ટેકસટાઈલ પોલિસી જાહેર કરી છે. આ નવી પોલિસીના પરિણામે ભવિષ્યમાં અંદાજે ૩૦,૦૦૦કરોડ જેટલું મોડીરોકાણ રાજયમાં આવશે. યુવા અને મહિલાઓને રોજગારી અને કપાસ ઉત્પાદક ખેડૂતોને મહતમ લાભ આપવામાં આ પોલિસી ઉપયુકત બનશે. મુખ્યમંત્રીએ પી.એમ. મિત્રા પાર્ક, નવી ટેકસટાઈલ પોલિસી તથા કાપડ ઉદ્યોગની સંપૂર્ણ વેલ્યુ ચેઈનના વિકાસથી ઈકો સીસ્ટમ મજબૂત બનશે તે વિકસીત ગુજરાત નિર્માણને નવી દિશા આપશે તેમ વિશ્વાસપૂર્વક જણાવ્યું હતું. ઉદ્યોગમંત્રી બળવંતસિંહે કહ્યું કે વડાપ્રધાન અત્યારે પણ ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસીત રાષ્ટ્ર બનાવવા માટે મક્કમતા સાથે દરેક ક્ષેત્રે જનહિતલક્ષી નિર્ણયો કરી રહ્યા છે. ગુજરાત રોજગારી આપવામાં પણ અગ્રેસર છે એક સમયે ગુજરાતનો બેરોજગારી દર ૪.૨ ટકા જેટલો હતો, તે આજે ઘટીને માત્ર ૨.૭ ટકા સુધી પહોંચ્યો છે. આ પ્રસંગે મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ.કે. દાસ, ઉદ્યોગ અને ખાણખનીજ વિભાગના અગ્ર સચિવ મમતા વર્મા, ઉદ્યોગ કમિશનર સંદીપ સાંગલે અને અધિકારીઓ સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આઠ જીવનરક્ષક આવશ્યક દવાઓના ભાવમાં ૫૦% જેવો આકરો વધારો જાહેર કરાયો, સરકાર, કારણ આપે છે કે ''જાહેર હિત''માં ભાવ વધારો કરવામાં આવ્યો છે

**નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી કહે છે કે, દવા ઉત્પાદકોએ એવી ફરિયાદ કરી હતી કે કાચામાલનો વધતો ખર્ચો અને મોંઘવારીને કારણે ઉત્પાદન કરવાનું હવે શક્ય બની રહ્યું નથી, આથી સરકારે આઠ દવાઓમાં ૫૦% જેવો ભાવ વધારો મંજૂર કર્યો છે જેમાં અસ્થમા તથા ગ્લુકોમા અને થેલેસેમિયા તેમજ ટીબી અને માનસિક બીમારીની દવાઓનો સમાવેશ થાય છે**



નવી દિલ્હી, તા. ૧૮

ઉત્પાદક દવા કંપનીઓએ કાચામાલના વધેલા ભાવ અને ઉત્પાદન ખર્ચમાં અસહ્ય વધારાના કારણો આગળ ધરીને ભાવ વધારો કરવાની માંગણી કરતા કેન્દ્ર સરકારે ૮ જેટલી આવશ્યક જીવન રક્ષક દવાઓના ભાવમાં ૫૦% જેવો આકરો વધારો કરવાનું મંજૂર કર્યું છે. નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ આઠ આવી દવાઓના ભાવમાં વધારો જાહેર કરી દીધો છે અને એવું કારણ આપ્યું છે કે ''જાહેર હિત''માં અને અસાધારણ સંજોગોને કારણે ભાવવધારો કરવો પડ્યો છે. ઓથોરિટી એક કેન્દ્રીય ખાતર અને રસાયણ મંત્રાલયના નેજા હેઠળ કામ કરે છે. રાયસીંગ ઓથોરિટીની રચના ૧૯૯૭માં થઈ હતી જેનો હેતુ દવાઓના ભાવોનું નિયમન કરવાનો હતો. ડ્રગ પ્રાઈસ કંટ્રોલ ઓર્ડર હેઠળ ઓથોરિટીને દવાઓના ભાવ નક્કી કરવાની સત્તા છે સરકારે જે આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ ઓથોરિટીની સત્તા આપી છે. ભારત સરકારે અસ્થમા, ગ્લુકોમા, થેલેસેમિયા, ટીબી અને માનસિક આરોગ્યને લગતી આઠ દવાઓ જે જીવન રક્ષક છે તેના ભાવમાં ૫૦% વધારાને મંજૂરી આપી છે તેવું મંત્રાલય હેઠળની પ્રાઈસીંગ ઓથોરિટી દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. ભારત સરકારે તૈયાર કરેલા આવશ્યક દવાઓની યાદીમાં જે દવા આવતી હોય છે તેને શેડ્યુલ ડ્રગ કહેવાય છે અને તેના ભાવ ઓથોરિટી નક્કી કરે છે. લગભગ ૯૬૦ જેટલા ફોર્મ્યુલેશન સાથે ૩૫૦ જેટલી દવાઓ તૈયાર થાય છે જે તમામ આવશ્યક મેડિસિનની યાદીમાં સમાવિષ્ટ કરવામાં આવી છે આ દવાઓને પ્રાયસીંગ ઓથોરિટી એ નક્કી કરેલા ભાવથી વધુ ભાવ સાથે વેચી શકાતી નથી. રાબેતા મુજબની પ્રક્રિયા રૂપે દર નાણાકીય વર્ષે પ્રાચીન ઓથોરિટી દ્વારા ભાવની ટોચ મર્યાદામાં વધારો કરવામાં આવે છે જે જથ્થાબંધ ભાવાંકના આધારે નક્કી થતું હોય છે ગયા વર્ષનો જે જથ્થાબંધ ભાવાંક હોય છે તેના આધારે દરેક નાણાકીય વર્ષમાં ભાવમાં ફેરબદલ થાય છે. અગાઉ કદી પણ સીધો જોરદાર વધારો કરાયો નથી પણ આ વખતે ૫૦% ભાવ વધારો જાહેર કરવા પાછળ એવું કારણ અપાયું છે કે અસાધારણ સંજોગોને કારણે અને ઉત્પાદકોની માંગણીને કારણે ભાવ વધારવા પડ્યા છે. દવાઓના ભાવની જે ટોચ મર્યાદા છે તેમાં વધઘટ કરવા માટેની સત્તા સરકારને મળેલી છે. આમ તો દર વર્ષે ભાવમાં ફેરફાર થતા હોય છે પરંતુ આ વખતે અસાધારણ સંજોગોનું કારણ આપીને ૫૦% જેવો જોરદાર ભાવ વધારો કરવામાં આવ્યો છે. જે દવાઓના ભાવ વધારી દેવાય છે તેમાં અસ્થમા માટે વપરાતી સલ બુટા મોલ, ટીબી માટે ઈન્જેક્શન નો પાઉડર સ્ટ્રેપટોમાઈસીન, લિથિયમ, ગ્લુકોમા માટે આંખના ટીપા પીળો કાર પાઈન, જેવી દવાઓનો સમાવેશ થાય છે. દવા કંપનીઓએ સરકારને એવી રજૂઆત કરી હતી કે દવાઓ બનાવવા માટેના કાચા માલ સામાનમાં અને પદાર્થોના ભાવમાં વધારો થયો છે જેથી ઉત્પાદન ખર્ચ વધી રહ્યો છે અને વિનિમયના દરમાં પણ ફેરફારો થયા છે આથી જરૂરી દબાવવાનું ઉત્પાદન કરવાનું મુશ્કેલ બન્યું છે. કેટલાક દવા ઉત્પાદક હોય તો મોંઘા ફોર્મ્યુલેશન જેનાથી આ ઊંચી બીમારીઓની દવા બને છે તેની ઉપલબ્ધી ન હોવાથી અને ખર્ચ વધુ હોવાથી એ દવાઓ બનાવવાનું બંધ કરવા માટેની પણ અરજી કરી છે. આથી જાહેર હિતમાં અને આ દવાઓનું ઉત્પાદન ચાલુ રહે એ માટે અને સતત ઉત્પાદન થતું રહે એ માટે સરકારે ભાવ વધારો કરવાનીમાંગણી મંજૂર રાખી છે. દરમ્યાન એથીકલ હેલ્થ કેર ડોક્ટર્સ એસોસિએશનના સભ્ય અને પંજાબ મેડિકલ કાઉન્સિલના પૂર્વ પ્રમુખ ડોક્ટર ગોરીંદર ગરેવાલે સરકારની દલીલોને ફગાવી દીધી છે અને કહ્યું છે કે જે સરકારનો જે તર્ક છે તેમાં ઘણી બધી મહત્વની વિગતો ખૂટે છે કેમ કે વ્યકિતગત ધોરણે કઈ દવાઓના ઉત્પાદન ખર્ચમાં વધારો થયો છે અને કેટલો થયો છે તેની કોઈ જાણકારી આપવામાં આવી નથી. ઉત્પાદન ખર્ચ વધવા પાછળના પરિબળો શું છે તે પણ દર્શાવવામાં આવ્યું નથી એટલે સરકારે જે તર્ક આપ્યો છે એ વ્યર્થ છે અને નકામો છે અને લોકો માટે હાનિકારક છે. એમણે કહ્યું હતું કે આમાંની ઘણી બધી દવાઓ ગરીબ લોકો માટેની દવાઓ કહેવાય છે જે સામાન્ય બીમારીમાં વપરાય છે અને લાંબો સમય ચાલતી બીમારીમાં પણ વપરાતી હોય છે. સરકાર ખુદ તેના અહેવાલમાં કહે છે કે આરોગ્ય પાછળનો જે ખર્ચ વધી રહ્યો છે તેનું કારણ પણ મોંઘી દવાઓ છે અને દવા પાછળનો મોંઘો થતો જતો ખર્ચ છે ત્યારે આ નવો ભાવ વધારો શું કામ કરવામાં આવ્યો છે એ સમજાતું નથી. એક તબીબ ડોક્ટર પાર્થ શર્મા કહે છે કે એક ચોક્કસ દવા બનાવવા માટેના ફોર્મ્યુલેશનનો શેડ્યુલ ડ્રગ્સના લિસ્ટમાં સમાવેશ કરવામાં આવે એ સમજાતું નથી કેમ કે અસ્થમા માટેની સાલ બુટા મોલ દવાની જ વાત કરીએ તો તેની ટેબલેટ એ જલ્દી અસર કરતી નથી અને તેની સાઈડ ઈફેક્ટ પણ ઘણી હોય છે એટલે તે આપી શકાય નહીં.

# પ્રાથમિક શિક્ષકોની બીજા તબક્કાની બદલીના ઓર્ડર ઈશ્યુ કરાયા

અમદાવાદ,તા.૧૮

રાજયની પ્રાથમિક સ્કૂલોમાં ફરજ બજાવતા પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકવિદ્યાસહાયક માટે ઓનલાઈન પદ્ધતિ દ્વારા જિલ્લા આંતરિક બદલી કેમ્પના બીજા તબક્કામાં બદલીના ઓર્ડર ઈશ્યુ કરવાનું શરૂ કરાયું હોવાનું જાણવા મળે છે. પ્રથમ તબક્કામાં ૭૭૧૩ શિક્ષકોને માંગણી મુજબના સ્થળે બદલીના આદેશ કરવામાં આવ્યા હતા. જયારે હવે બીજા તબક્કા માટેના બદલીના ઓર્ડર પણ ઈશ્યુ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયના તમામ જિલ્લા, મહાનગર અને નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક સ્કૂલ એટલે કે ધોરણ-૧થી ૫ અને ઉચ્ચ પ્રાથમિક સ્કૂલ એટલે કે ધોરણ-૬થી ૮માં તમામ માધ્યમના શિક્ષકો વિદ્યાસહાયકોની આંતરિક બદલીઓ શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવતી હોય છે. શિક્ષણ વિભાગના બદલીના ઠરાવ અને ત્યારબાદના વખતો વખતના સુધારા ઠરાવની જોગવાઈઓને ધ્યાને લઈને જિલ્લામાં આંતરિક બદલી કરાવવા ઈચ્છતા શિક્ષક-વિદ્યાસહાયક પાસેથી નિયત નમૂનામાં ઓનલાઈન અરજીઓ મંગાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. રાજયની સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોની જિલ્લા આંતરીક બદલી કેમ્પના પ્રથમ તબક્કાની કાર્યવાહી પુર્ણ કરવામાં આવી હતી. જેમાં રાજ્ય સરકાર દ્વારા જિલ્લા આંતરિક ઓનલાઈન બદલી કેમ્પનો પ્રથમ તબક્કો ૧ સપ્ટેમ્બરથી ૧૯ સપ્ટેમ્બર દરમ્યાન યોજવામાં આવ્યો હતો. જે અંતર્ગત રાજયની સરકારી પ્રાથમિક શાળાઓના કુલ ૧૪૭૮૦ શિક્ષકોની અરજીઓ માન્ય થઈ હતી. જે પૈકી ઉપલબ્ધ ખાલી જગ્યાઓ અનુસાર કુલ ૭૭૧૩ શિક્ષકો દ્વારા પોર્ટલ ઉપર તેઓ દ્વારા પસંદ કરવામાં આવેલી માંગણી મુજબના સ્થળે બદલી આદેશ કરવામાં આવ્યો છે. જિલ્લા આંતરીક બદલી કેમ્પમાં પ્રથમ તબક્કાની કાર્યવાહી પુર્ણ થયા બાદ તરત જ બીજા તબક્કાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હતી. જેમાં તમામ પ્રકારની કાર્યવાહી પુર્ણ થયા બાદ બદલી અંગેના ઓર્ડર ઈશ્યુ કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. ૨૮ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. ત્યારબાદ ૧ ઓકટોબરથી ૧૦ ઓક્ટોબર દરમ્યાન વેરિફીકેશન સહીતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ તમામ પ્રક્રિયા પુર્ણ થયા બાદ હવે બીજા તબક્કા માટેના બદલીના ઓર્ડર ઈશ્યુ કરાયા હોવાનું જાણવા મળે છે.

# ઈજનેરી-ફાર્મસીમાં પ્રવેશ માટેની ગુજકેટ ૨૩ માર્ચે લેવામાં આવશે

અમદાવાદ, તા.૧૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઈજનેરી ફાર્મસીમાં પ્રવેશ માટે લેવાતી ગુજકેટ ૨૩ માર્ચના રોજ લેવાનો નિર્ણય કર્યો છે. ૧૩ માર્ચના રોજ શિક્ષણ બોર્ડની પરીક્ષા પુર્ણ થયાના ૧૦ દિવસ બાદ ૨૩ માર્ચના રોજ ગુજકેટ લેવામાં આવશે. ગુજકેટ આ વખતે પણ જિલ્લા કક્ષાના કેન્દ્રો ખાતે જ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના ડિગ્રી એન્જિનીયરીંગ, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે કોમન એન્ટરન્સ ટેસ્ટ તરીકે ગુજકેટ ફરજીયાત કરવામાં આવી છે. જેના પગલે આગામી વર્ષમાં ઈજનેરીફાર્મસીમાં પ્રવેશ માટેની ગુજકેટ ૨૩ માર્ચ, ૨૦૨૫ રવિવારના રોજ લેવાનો નિર્ણય બોર્ડ દ્વારા કરવામાં આવ્યો છે. ગુજકેટના આવેદનપત્ર ઓનલાઈન ભરવાની તારીખ તથા માહિતી પુસ્તિકા બોર્ડની વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવશે તે અંગેની જાણ હવે પછીથી કરવામાં આવશે. ગુજકેટ ૨૩ માર્ચના રોજ સવારે ૧૦ કલાકથી બપોરના ૪ કલાક દરમ્યાન જિલ્લા કક્ષાના કેન્દ્રો ખાતે યોજાશે. ગુજકેટ માટે NCERT આધારીત ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે બોર્ડ દ્વારા નિયત થયેલો પ્રવર્તમાન અભ્યાસક્રમ પરીક્ષા માટે રહેશે. ગુજકેટમાં બહુવિકલ્પ પ્રકારના હેતુલક્ષી પ્રશ્નો ધરાવતા પ્રશ્નપત્રો રહેશે. ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનનું પ્રશ્નપત્ર સંયુક્ત રહેશે. એટલે કે ૪૦ પ્રશ્નો ભૌતિક વિજ્ઞાન અને ૪૦ પ્રશ્નો રસાયણ વિજ્ઞાનના એમ કુલ ૮૦ પ્રશ્નો રહેશે. આ પ્રશ્નોના ૮૦ ગુણ હશે અને પેપર લખવા માટે ૧૨૦ મિનીટનો સમય અપાશે. જીવવિજ્ઞાન અને ગણિતનું પ્રશ્નપત્ર અલગ અલગ રહેશે. જીવવિજ્ઞાન અને ગણિતમાં પ્રત્યેકમાં ૪૦ પ્રશ્નોના ૪૦ ગુણ અને ૬૦ મિનીટનો સમય આપવામાં આવશે.

# નાણાં અને મિલકતોની તકરારમાં પોલીસ રસ ના લે; આ બાબતે સૂચનાઓ આપવા ડીજીપીને હાઈકોર્ટનો આદેશ

**રાજ્યમાં દારૂ, નશીલા દ્રવ્યો, બે જૂથ વચ્ચે તલવાર, ચપ્પા અને ફાયર આર્મ સાથે ઘર્ષણની ઘટનાઓ વધી રહી છે ત્યારે પોલીસને નાણાંની રિકવરી અને મિલકતોના વિવાદના કેસોમાં જ રસ છે : હાઈકોર્ટ**




અમદાવાદ, તા.૧૮

પોલીસ દ્વારા બે પક્ષકારો વચ્ચે નાણાંની વસુલાત અને સ્થાવર મિલકતોના વિવાદમાં ખાસ રસ લેવા બાબતે ગુજરાત હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી હતી. જસ્ટિસ સંદીપ ભટ્ટ દ્વારા એક આદેશ પસાર કરીને જણાવવામાં આવ્યું હતી કે રાજ્યમાં દારૂ, નશીલા દ્રવ્યો, જુગાર, બે જૂથ વચ્ચે તલવાર, ચપ્પા અને ફાયર આર્મ સાથે ઘર્ષણની ઘટનાઓ વધી રહી છે ત્યારે તેના ઉપર કામ કરવાના બદલે પોલીસ દ્વારા ખાસ કારણોસર મિલકત અને નાણાંની તકરારમાં રસ લેવામાં આવે છે. રાજ્યમાં લોકોને કાયદાનું પાલન થાય, તેનું અસ્તિત્વ છે અને લોકોને સુરક્ષિત અનુભવ થાય એવા કામ કરવા જોઈએ. તેના બદલે પોલીસ જે તેમનું કામ નથી તેવા વ્યાપારને લગતી તકરારોમાં રસ લે છે તેથી આવી બાબતે દૂર રહેવાની સૂચનાઓ જારી કરવા માટે પોતાનો આદેશ રાજયના ડીજીપી, આઈજી અને તમામ પોલીસ કમિશનરની કચેરીઓ ઉપર મોકલી આપવા માટે આદેશ કર્યો હતો. કેસની વિગતો મુજબ બે વેપારીઓ વચ્ચે રૂા.૨૧ લાખની લેવડ દેવડ બાબતે વિવાદ ચાલતો હતો. આથી એક વેપારી દ્વારા બીજા વેપારી સામે રાજકોટના જેતપુર અને અમદાવાદ જિલ્લાના બાવળા અને ચાંગોદર પોલીસ મથકમાં અરજીઓ કરવામાં આવી હતી. એથી તાજેતરમાં ચાંગોદર પોલીસ મથકમાં આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર એસ. બી. રાઠોડ દ્વારા વેપારી નિકુંજ પડારિયાને સમન્સ આપીને હાજર રહેવાની સૂચના આપવામાં આવી હતી. આથી વેપારીએ એડવોકેટ મારફતે આ કાર્યવાહીને હાઈકોર્ટમાં પડકારીને પોલીસ જવાનો સામે દીવાની વિવાદમાં ખોટી રીતે ઝંપલાવવા બદલ કાયદેસર કાર્યવાહી કરવા દાદ માંગી હતી. તેની સુનાવણી થતાં જસ્ટિસ ભટ્ટ દ્વારા પોલીસ રિકવરી એજન્ટ તરીકે કામ કરતી હોવાનો ઉલ્લેખ કરીને ઉચ્ચ અધિકારીને હાજર રહેવા માટે આદેશ આપવામાં આવ્યો હતો. આ મામલે સાણંદ વિભાગના ડીવાયએસપી નીલમ ગોસ્વામી કોર્ટમાં હાજર રહ્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે અરજદાર વિરૂદ્ધ તમામ ફરિયાદોનો નિકાલ કરી દેવામાં આવ્યો છે એથી તેમની સામે હાલમાં કોઈ ફરિયાદ અસ્તિત્વ ધરાવતી નથી. અલબત્ત અદાલતે દીવાની કેસોના પોલીસની મીલીભગત તરફ અંગુલી નિર્દેશ કરતા ટકોર કરી હતી કે આ શું ચાલી રહ્યું છે, પોલીસને પૈસાની રિકવરી કરવામાં જ રસ છે ?? બાવળા અને ચાંગોદર પાસે કેટલો ટ્રાફિક જામ હોય છે ત્યાં તો કશું કરતા નથી. રોજ-બરોજ તલવારો અને હથિયારો સાથે જૂથ અથડામણો થાય છે તેવી ઘટનાઓ કેમ અટકાવતા નથી. રસ્તા ઉપર આટલા અકસ્માત થાય છે. અમદાવાદમા ઈસ્કોન ચાર રસ્તા ઉપર એક રિક્ષામાં આઠ આઠ જણ ભરવામાં આવે છે તેની ઉપર કે કોઈ કાર્યવાહી થતી નથી?? આજે અકસ્માતોની ઘટનાઓ એટલી બધી બને છે કે વ્યક્તિ ઘરેથી નીકળીને પરત હેમખેમ આવે ત્યારે હાશકારો થાય છે. બીજી બાજુ મિલકતનો વિવાદ હોય ત્યારે વિશેષ રસ લેવામાં આવે છે.તેની પાછળ શું કારણ હોઈ શકે તેની અમને ખબર છે. પોલીસનું વર્તન કંઈ અલગ જ છે. પોલીસ સમાંતર ન્યાય તંત્ર ચલાવે છે ? દર બે દિવસે હથિયારો સાથે જૂથ અથડામણ ની ઘટનાઓ બને છે. ગુંડાઓને પોલીસનો ડર હોવો જોઈએ. પોલીસ મન પડે એમ વર્તનનાં કરે અને પોતાના જ કાયદાઓનું ઉલ્લઘન નહીં કરીને મર્યાદામાં રહે. આવું નહિ ચલાવી લેવામાં આવે. તેમ જણાવતા કોર્ટે વધુમાં નોંધ્યું હતું કે, દરેક જિલ્લામાં ડીસીબી અને એલસીબી દ્વારા લેણદારો, દેવાદારો અને મિલકતના વિવાદમાં રસ લેવામાં આવે છે તેવું ધ્યાનમાં આવ્યું છે. તેઓને કાયદો અને વ્યવસ્થા નહીં પરંતુ કૈક બીજામાં રસ છે. આ બાબતે શિક્ષાત્મક કાર્યવાહી થશે અને આકરો આદેશ પસાર કરવામાં આવશે. રાજ્યમાં દારૂ, નશીલા પદાર્થો અને જુગારની પ્રવૃત્તિઓ ચાલે છે એમાં કેમ ધ્યાન આપતા નથી? આમ પોલીસે પોતાની ફરજ યોગ્ય રીતે અને ગંભીરતાથી કાયદેસર રીતે બજાવવી જોઈએ. ઉપરોક્ત મૌખિક અવલોકનો અને ત્યારબાદ લેખિત આદેશ કરીને અદાલતે વધુ સુનાવણી આગામી તા. ૨૫ ના રોજ રાખી હતી.

# રાજ્યમાં સપ્તાહ દરમ્યાન છૂટોછવાયો વરસાદ પડશે

અમદાવાદ, તા.૧૮

હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ ગુજરાત રાજયના વિવિધ ભાગોમાં છૂટાછવાયા હળવાથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. જેનું કારણ જણાવતા હવામાન વિભાગ દ્વારા નિર્દેશ કરવામાં આવ્યું છે કે, હાલમાં ગુજરાત રાજ્ય ઉપર આવતા પવનો ઉત્તરપૂર્વીય દિશા તરફથી આવી રહ્યા છે. એટલે કે નૈઋત્યનું ચોમાસુ પૂર્ણ થયા બાદ જે પવન પાછા ફરી રહ્યા છે, તેને કારણે ગુજરાતના વિવિધ ભાગો ઉપર હળવાથી મધ્યમ વરસાદની શક્યતાઓ છે. આ ઉપરાંત આગામી પાંચ દિવસમાં રાજ્યના મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર વધારો થશે. એટલે કે ત્રણ ડિગ્રી જેટલું મહત્તમ અને લઘુત્તમ તાપમાન વધી શકે છે. ગુજરાત રાજ્ય સહિત દેશભરમાંથી નૈઋત્યના ચોમાસાએ વિદાય લીધી છે, તેની સાથે જ ગુજરાત રાજ્યમાં છેલ્લા ચારથી પાંચ દિવસથી વિવિધ ભાગોમાં ક્યાંક હળવો તો ક્યાંક ભારે વરસાદ વરસી રહ્યો છે. હજુ પણ આગામી સાત દિવસ હવામાન વિભાગ દ્વારા ગુજરાત રાજયના વિવિધ ભાગોમાં હળવાથી મધ્યમ છૂટાછવાયા વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. જોકે, આ વરસાદ કમોસમી વરસાદ હશે અને હાલની પરિસ્થિતિ મુજબ રાજયમાં ભારે વરસાદની શક્યતા નહીંવત છે. આ ઉપરાંત ઉત્તર અને મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં પણ ધીમેધીમે તાપમાનનો પારો વધી રહ્યો છે તથા આગામી પાંચ દિવસ દરમ્યાન પણ રાજ્યભરના મોટાભાગના જિલ્લાઓનું મહત્તમ અને લઘુત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ જેટલું વધી શકે છે. હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાક માટે સૌરાષ્ટ્ર કચ્છ અને દક્ષિણ ગુજરાત તથા ઉત્તર ગુજરાતના પણ કેટલાક જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ સાથે વીજળીના ચમકારાની પણ આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

# રાજકોટ જીવનગરની પ્રાચીન ગરબીમાં ૪૩માં વર્ષે લ્હાણી વિતરણ સાથે સમાપન

## જીવનગર સમિતિ સંસ્કૃતિનું જતન કરે છે : મેયર શ્રીમતિ નયનાબેન પેઢડીયા



રાજકોટ, તા.૧૮

જીવનગર વિકાસ સમિતિ, નવરાત્રિ મહોત્સવ સમિતિ, વોર્ડ નં.૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવધામ મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે શરદોત્સવની ઉજવણી સાથે ૪૩ મા વર્ષે પ્રાચીન ગરબીનું ભાવપૂર્ણ સમાપન કરવામાં આવ્યું હતું. મુખ્ય લ્હાણીના વિતરણ સાથે સેવા–ધર્મનો સમન્વય જીવનનગરમાં જોવા મળે છે. સંસ્કૃતિનું જતન કામ સમિતિ વર્ષોથી કરે છે. મહિલા મંડળનું ભવ્યાતીત સન્માન કરવામાં આવ્યું હતું.

મેયર શ્રીમતિ નયનાબેન પેઢડીયાએ દિપ પ્રાગ્ટય કરી લ્હાણી વિતરણ કરતાં જણાવ્યું કે વર્તમાન સમયમાં પ્રાચીન ગરબીનો હાર્દ જાળવવો કઠીન કામ છે. સમિતિ સતત ૪૩ વર્ષથી ગરબી યોજી સંસ્કૃતિનું જતનનું કામ કરે છે. તેમણે જયંત પંડયાના નેતૃત્વના ભારોભાર વખાણ કર્યા હતા.

મહાનગરપાલિકાના શાસક પક્ષના નેતા લીલુબેન જાદવે લ્હાણી વિતરણ કરતાં જણાવ્યું કે સેવા–ધર્મનો સમન્વય જીવનનગરમાં જોવા મળે છે. બાળાઓના રાસ–ગરબા નિહાળી પ્રભાવિત થયા હતા. સુનિતાબેન વ્યાસ, વિનુભાઈ ભટ્ટ, પાર્થ ગોહેલની ઉત્કૃષ્ઠ કામગીરીને બિરદાવી હતી. વોર્ડના મહામંત્રી મેહુલભાઈ નથવાણી, મિડીયાના શ્યામભાઈ ડાભી, છગનભાઈ જાદવએ લ્હાણી વિતરણ સાથે બાળાઓને પ્રોત્સાહિત કરી સમિતિના કાર્યોને બિરદાવેલ.

સમિતિના પ્રમુખ જયંત પંડયાએ ગરબીમાં બાળાઓને લ્હાણી ઉપયોગી થાય તેનું ધ્યાન રાખવામાં આવે છે. કેટલાક વર્ષોથી બાળાઓને સોનાની વસ્તુ આપવામાં આવે છે. રહીશોની એકતાના કારણે સફળતા મળે છે. મહિલા મંડળ ટીમનું નેતૃત્વ યશકલગી ઉમેરે છે. ગરબીના સંચાલક સુનિતાબેન વ્યાસ, નેહાબેન મહેતા, વિનુભાઈ ભટ્ટે શરદોત્સવના રાસ–ગરબા સાથે બાળાઓના વાલીની પ્રશંસા કરી હતી. છેલ્લા ૪૫ દિવસની મહેનતમાં જોડાયેલાઓનો આભાર માન્યો હતો.

ગરબીના ૪૩ મી વર્ષના સમાપનમાં જયંત પંડયાના વડપણ હેઠળ ઉપપ્રમુખ મુકેશભાઈ પોપટ, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, વિનોદરાય ભટ્ટ, પાર્થ ગોહેલ, હસુભાઈ મોડેસરા, અનંતભાઈ ગોહેલ, મહિલા મંડળના શોભનાબેન ભાણવડિયા, ભારતીબેન ગંગદેવ, અલ્કાબેન પંડયા, યોગિતાબેન જોબનપુત્રા, નેહાબેન મહેતા, આશાબેન મજેઠીયા, સુનિતાબેન વ્યાસ, હર્ષાબેન પંડયા, ભકિતબેન ખખ્ખર, જીગીશાબેન રાવલ સહિત રહીશો સફળતાના ભાગીદાર થયા હતા.

### શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ દ્વારા

# જૂનાગઢમાં સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે વિનામુલ્યે સદ્ગુરૂ નેત્રયજ્ઞનું આયોજન

જૂનાગઢ તા. ૧૮

રાજકોટના પૂ.રણછોડદાસ બાપુ આશ્રમ દ્વારા જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડના સહયોગથી દર માસની તા.૨૨ ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. કેમ્પનો સમય સવારે ૯ થી ૧૧.૩૦ વાગ્યા સુધી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જવાહર રોડ ઉતારા વિભાગ ખાતે રાખેલ છે. કેમ્પમાં નિદાન કર્યા પછી જો આંખમાં મોતિયો હોય તો કમ્પના સ્થળથી પૂ.સદ્ગુરૂ રણછોડદાસજી હોસ્પિટલ રાજકોટ ખાતે લઈ જવાની વિનામૂલ્યે સેવા આપવામાં આવે છે. ઓપરેશન ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફટ ફોલ્ડેબલ લન્સ (નેત્રમણી) સાથે વિનામૂલ્યે કરી આપવામાં આવશે. અને ઓપરેશન બાદ બીજા દિવસે દર્દીને જૂનાગઢના કેમ્પના સ્થળે મુકી જવામાં આવશે.

આ કેમ્પને સફળ બનાવવા માટે બાબુભાઈ ચૌહાણ, મનુભાઈ સોની, માધવ સોની, દિલીપ ચૌહાણ, નટુભાઈ ટાંક, વિરમભાઈ મંત્રી, લવજીભાઈ ટાંક, લક્ષ્મીદાસ ટાંક, રમેશભાઈ મિસ્ત્રી, દિલીપભાઈ મારૂ, રાજુભાઈ ઉનડકટ અને બાલાભાઈ તન્નારાણા વગરે જહેમત ઉઠાવી રહયા છે. આ કેમ્પનો જરૂરીયાતમંદ દર્દીઓને લાભ લેવા એક યાદીમાં અનુરોધ કરવામાં આવેલ છે.

# ગોલાધર ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત આયુર્વેદ સર્વરોગ નિદાન સારવાર કેમ્પ યોજાયો



જૂનાગઢ તા. ૧૮

નિયામકશ્રી આયુષની કચેરી, ગાંધીનગર તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રી જુનાગઢની સુચના મુજબ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા આયુર્વેદ અધિકારીશ્રી, તાલુકા હેલ્થ ઓફિસરશ્રી જુનાગઢના માર્ગદર્શન મુજબ વિકાસ સપ્તાહ અંતર્ગત સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય સંલગ્ન હોસ્પિટલ જુનાગઢ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મજેવડીના સંયુક્ત ઉપક્રમે આયુષ્માન આરોગ્ય મંદિર ગોલાધર ખાતે તા.-૧૫-૧૦-૨૦૨૪ ના રોજ આયુર્વેદ સર્વ રોગ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામા આવેલ હતું. આ કેમ્પમા નિદાન સારવાર સાથે યોગ દ્વારા રોજીદા જીવનમા સ્વસ્થ તંદુરસ્ત રહી શકાય તે વિષે આરોગ્ય શિક્ષણ આપવામાઆવેલ. કેમ્પમા નાના બાળકો, ૬૦ વર્ષથી વધુ ઉમરવાળા વડીલો, ડાયાબીટીશ, બ્લડપ્રેસર, કેન્સર, હાર્ટ ની તકલીફ વાળા, સગર્ભાબહેનો, ધાત્રીમાતાઓ, અન્ય રોગવાળા દર્દીઓ સેવા લેવા આવેલ હતા.

બાળરોગ, સ્ત્રીરોગ, સાંધાના રોગો(અગ્નીકર્મ), લાઈફ સ્ટાઈલ ડીસ ઓર્ડર, હરસ મસા-ભગંદર, આયુર્વેદ જનરલ ઓ.પી.ડી., તાવ, ઉધરસ, શરદી, ગળામાં દુઃખાવો, જેવા ચિન્હોવાળા દર્દીઓની સ્થળ પર તપાસ કરવામાં આવેલ. ઉપલબ્ધ દવાઓ તથા આયુર્વેદ ઉકાળા, રોગ પ્રતિરોધક શક્તિ વર્ધક ઉકાળો, સંશમની વટીનુ વિતરણ કરવામાં આવેલ. સાથે ઔષધી પરિચય, સ્વાસ્થ્ય માર્ગદર્શન, ઋતુચર્યા શિક્ષણ આપવામાં આવેલ.સ્વાસ્થ્ય માર્ગદર્શન સાથે કુલ ૧૫૭ જેટલા લોકોએ આ કેમ્પનો લાભ લીધો હતો. ગોલાધર વિસ્તારના તાલુકા પંચાયત સદસ્ય તથા સરપંચ ગોલાધર દ્વારા આ કેમ્પનો પ્રચાર પ્રસાર કરવામા આવેલ અને કેમ્પના સ્થળે હાજર રહી કેમ્પને સફળ બનાવેલ અને સેવા આપનારને પ્રોત્સાહન આપેલ હતું. આ કેમ્પમા પ્રથમિક આરોગ્ય કેન્દ્ર મજેવડીના મેડીકલ ઓફીસરશ્રી, આયુષ્માન આરોગ્ય મંદિરના સી.એચ.ઓ., એફ.એચ.ડબ્લ્યુ., એમ.પી.એચ.ડબ્લ્યુ., આશા બહેનો હાજર રહી કેમ્પમા આવતા લાભાર્થીઓને હેલ્થ એન્ડ વેલનેસ વિષે સમજાવવામા આવેલ. સમગ્ર કેમ્પને સફળ બનાવવા માટે પ્રથમિક આરોગ્ય કેન્દ્ર મજેવડીના મેડીકલ ઓફીસર દ્વારા તમામ લોકોનો આભાર વ્યક્ત કરવામાં આવેલ તેવી યાદી માં જણાવેલ છે.

# વેરાવળમાં બોટ રીપેરીંગ દુકાનમાં થયેલ ચોરીના ગુનામાં ત્રણ આરોપી મુદામાલ સાથે ઝડપાયા

## પોલીસે સીસીટીવી ફુટેજો ખાંગળતા મળેલ મહત્વની જાણકારીના આધારે ચોરીનો ભેદ ઉકેલાયો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૮

વેરાવળમાં દુકાનમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલવા પોલીસે સીસીટીવી ફુટેજો ખાંગળતા મળેલ ત્રિપુટીને ચોરી કરેલ મુદામાલ સાથે ઝડપી લઈ ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ વેરાવળના ભાલપરા રોડ ઉપર રહેતા મિતેશ જેઠાલાલ સુયાણીની ભવાની રેલ્વે ફાટકની પાછળ બેટરી રીપેરીંગની દુકાનમાં જુની મોટી બેટરી નંગ-૩ રૂા.૧૫ હજાર, નાની બેટરી નંગ-૧ રૂા.૨ હજાર, ડાઈનામા પ્લેટ સેટ નંગ-૧૨ રૂા.૬ હજાર, સેલ્ફ હાઉસીંગ નંગ-૪ રૂા.૨ હજાર મળી કુલ રૂા.૨૫ હજારની ચોરીઓ થયેલ હોવાની ફરીયાદ પોલીસમાં નોંધાવી હતી.

જેને લઈ ડી સ્ટાફ પીએસઆઈ એસ.એમ.દેવરે અને સ્ટાફે ચોરી થયેલ દુકાનની આસપાસના સ્થળના સીસીટીવી ફુટેજો ખાંગળતા ચોરી કરનાર શખ્સો અંગે મહત્વની જાણકારી મળી હતી. જેને લઈ પોલીસ સ્ટાફ પેટ્રોલીંગ કરી રહેલ દરમ્યાન પાટણ દરવાજા સામે આવેલ ભંગારના ડેલાના પાછળ બાવળના ઝાંખરામાં છુપાવેલ ચોરીનો મુદામાલ વહેંચવા તસ્કરો આવી રહ્યાની બાતમી મળી હતી. જેને લઈ પોલીસ સ્ટાફ વોચમાં રહેલ દરમ્યાન ચાલીને આવતા (૧) કિશન દેવાભાઈ સોલંકી ઉ.વ-૨૭



(૨) સુનીલ ગણેશ સોલંકી ઉ.વ-૨૧ (૩) દેવદાસ ગણેશ સોલંકી ઉ.વ-૧૯ ને ઉપર શંકા જતા રોકાવીને પૂછપરછ કરતા ચોરી કરેલ હોવાનું કબુલી ચોરી કરેલ થયેલ ૨૫ હજારના મુદામાલ કાઢી આપ્યો હતો. જેથી ત્રિપુટીની મુદામાલ સાથે અટક કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# દ્વારકામાં ૭૦ વાહનચાલકો સામે કાર્યવાહી કરી ૧૪ વાહનો ડિટેઈન કરતું પોલીસ તંત્ર



(પ્રતિનિધિ દ્વારા)

જામખંભાળીયા તા. ૧૮

દેવભૂમિ દ્વારકામાં બેફામ બની ગયેલા વાહન ચાલકો તેમજ રેંકડી ધારકો સામે પોલીસ દ્વારા કડક હાથે કામગીરી કરવામાં આવી છે. સુવિખ્યાત યાત્રાધામ કે જ્યાં દરરોજ હજારોની સંખ્યામાં પ્રવાસીઓ યાત્રાળુ આવે છે, ત્યારે દ્વારકામાં ટ્રાફિક નિયમનને ઘોળીને પી જતા તેમજ મોટર વાહન અધિનિયમનો ઉલાળીયો કરનારા વાહન ચાલકો સામે પોલીસ તંત્ર દ્વારા મંગળવારે સઘન કાર્યવાહી કરવામાં આવી હતી.

જેમાં આર.ટી.ઓ.ને સાથે રાખીને પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા આ સંયુક્ત ઓપરેશનમાં ૭૦ વાહન ચાલકો સામે કાર્યવાહી કરાવી હતી. જે પૈકી ૧૪ વાહનો ડીટેઈન કરાયા હતા. દ્વારકામાં પ્રથમ વખત આ પ્રકારની કડક કાર્યવાહીમાં જિલ્લા ટ્રાફિક વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. વી.એમ. સોલંકી, આર.ટી.ઓ. અધિક તલસાણીયા તેમજ તેમની ટીમ દ્વારા વાહનોમાં બ્લેક ફિલ્મ, એલ.ઈ.ડી. લાઈટો, ઘોંઘાટીયા સાયલેન્સર, લાયસન્સ તથા કાગળ વગર નીકળેલા વાહન ચાલકો વિગેરે નિયમોનું ઉલ્લંઘન કરતા આસામીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરાઈ હતી.આ જ રીતે આગામી સમયમાં અન્ય વિસ્તારોમાં પણ આરટીઓ અને પોલીસની સંયુક્ત ચેકિંગ કાર્યવાહી કરવામાં આવશે.

# અકસ્માતે પાણીમાં ડૂબી જતા કલ્યાણપુર પંથકની મહિલાનું મૃત્યુ



જામ ખંભાળિયા, તા. ૧૮: કલ્યાણપુર તાલુકાના ધુમથર ગામના વાડી વિસ્તારમાં રહેતા કૃપાબેન જેઠાભાઈ ભાદરવા નામના આશરે ૫૫ વર્ષના મહિલા ગઈકાલે ગુરુવારે બપોરના આશરે એકાદ વાગ્યાના સમયે ગામમાં આવેલા તળાવમાં ભેંસોને લઈને ચરાવવા ગયા હતા. તેઓ તળાવના એક કાંઠેથી બીજા કાંઠે જઈ રહ્યા હતા, એ દરમિયાન તેમના પગ લપસી જતા તેઓ તળાવના ઊંડા પાણીમાં ખાબક્યા હતા. જેથી સ્થાનિકો દ્વારા તંત્રને જાણ કરવામાં આવતાં આ અંગે જિલ્લા ફાયર અધિકારી મીતરાજસિંહ પરમારની સૂચના મુજબ સ્ટાફના નરેશભાઈ ધ્રાંગુ, મનસુખભાઈ મારુ, બ્રિજરાજસિંહ, જયપાલસિંહ, હરજુગભાઈ વિગેરે ફાયર ફાયટર સાથે આ સ્થળે દોડી ગયા હતા અને લાંબી જહેમત બાદ કૃપાબેનના મૃતદેહને તળાવમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. આ અંગે પોલીસને જાણ કરાતા પોલીસ દ્વારા પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી કરવામાં આવી હતી. આ બનાવે મૃતકના પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરાવી છે.

# ખંભાળિયામાં પત્રકાર પર હુમલાના કેસમાં સાત આરોપીઓ ઝડપાયા



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા, તા. ૧૮

ખંભાળિયામાં વાણીયા વાડી વિસ્તારમાં રહેતા ખુશાલ વિજયભાઈ ગોકાણી નામના પત્રકાર તેમની મોટરકારમાં તાજેતરમાં રાત્રિના આશરે એકાદ વાગ્યાના સમયે તેમના મિત્રને મૂકવા જઈ રહ્યા હતા, ત્યાર બાદ પરત ફરતી વખતે અહીંના મદીના મસ્જિદ વિસ્તારમાંથી નીકળતા તેમની કારમાં ગરબા વાગતા હોવાથી અહીં ચાલી રહેલી મજલીસના કાર્યક્રમમાં રહેલા લાલો શેખ, રૂસ્તમ સહિતના આશરે ૨૫ થી ૩૦ જેટલા લોકોના ટોળાએ તેમને અટકાવી અને મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ અહીંના પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી. જેને અનુલક્ષીને ખંભાળિયાના પી.આઈ. બી.જે. સરવૈયાની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં સાત શખ્સોની અટકાયત કરી, ધોરણસર કાર્યવાહી કરાઈ હતી.

# દિપાવલી પર્વના શુભ મુહુર્તોની યાદી

**ગુરૂપુષ્યામૃત યોગ:**

**ચોપડા ખરીદ દિન:** આસો વદ ૮ ન ગુરૂવાર તા.૨૪-૧૦-૨૪ આખો દિવસ રાત્રી ગુરૂપુષ્યામૃત યોગ છે.

**દિવસના શુભ ચોઘડીયા:**

શુભ ૬.૪૮ થી ૮.૧૪, ચલ ૧૧.૦૫ થી ૧૨.૩૧, લાભ ૧૨.૩૧ થી ૧.૫૬, અમૃત ૧.૫૬ થી ૩.૨૨, શુભ ૪.૪૮થી ૬.૧૩ સુધી છે.

આ દિવસે નવા વર્ષના ચોપડા ખરીદવા, નવું વાહન, પૂજાનો સામાન, સોના-ચાંદીના દાગીના ખરીદવા, જમીન-મકાનના સોદા કરવા, શ્રીયંત્ર પૂજા, જપ બધુ શુભ છે.

**રાત્રીના શુભ ચોઘડીયા:**

અમૃત ૬.૧૩ થી ૭.૪૮, ચલ ૭.૪૮ થી ૯.૨૨ અભિજીત મુહુર્ત બપોરે ૧૨.૦૮ થી ૧૨.૫૪ નો છે.

**ધનતેરસ:**

આસો વદ બારસ ને મંગળવારે તા.૨૯-૧૦-૨૪ ના સવારે ૧૦.૩૨ થી છે.

**દિવસના શુભ ચોઘડીયા :**

ચલ ૯.૪૧ થી ૧૧.૦૫, લાભ ૧૧.૦૫ થી ૧૨.૨૦, અમૃત ૧૨.૨૦ થી ૧.૫૫, શુભ ૩.૨૦ થી ૪.૪૫ છે.

**રાત્રીના શુભ ચોઘડીયા :**

લાભ ૭.૪૫ થી ૯.૨૦, શુભ ૧૦.૫૫ થી રાત્રે ૧૨.૩૧, અભિજીત મુહુર્ત બપોરે ૧૨.૦૮ થી ૧૨.૫૩ નો છે.

આ દિવસે ધરતી પૂજા, શ્રીયંત્ર પૂજા કરવી, ઘરના નવા સામાનની ખરીદી કરવી, સોના-ચાંદીની ખરીદી કરવી શુભ રહેશે. આ દિવસે યમદિપદાન દેવું.

**કાળી ચૌદશ :**

આસો વદ તેરસ ને બુધવારે તા.૩૦-૧૦-૨૪ ના બપોરે ૧.૧૬ કલાકથી કાળી ચૌદશ શરૂ થશે. આથી આ દિવસે બપોરે ૧.૧૬ કલાકથી નૈવેદ્ય ધરી શકાશે જે ગુરૂવારે તા.૩૧-૧૦-૨૪ ના બપોરે ૩.૫૩ સુધી ચૌદશ તિથી રહેશે. આથી આ સમય સુધી નૈવેદ્ય ધરી શકાશે. બુધવારે સાંજે હનુમાનજીની પૂજા, મહાકાળી પૂજા, યમદીપદાન દેવું શુભ ગણાશે.

**દિપાવલી :**

આસો વદ ચૌદશ ને ગુરૂવાર તા.૩૧-૧૦-૨૪ ના દિવસે બપોરે ૩.૫૩ થી અમાસ તિથીનો પ્રારંભ થાય છે. આથી જયોતિષના નિયમ પ્રમાણે દિપાવલીનું મહત્વ સાંજે પ્રદોષ કાળ અને રાત્રીનું રહેલું છે. આથી દિપાવલી ગુરૂવારે છે. ગુરૂવારે દિવસના શુભ ચોઘડીયા જોઈએ તો શુભ ૪.૪૫ થી ૬.૧૦, રાત્રીના શુભ ચોઘડીયા જોઈએ તો અમૃત ૬.૧૦ થી ૭.૪૫, ચલ ૭.૪૫ થી ૯.૨૦, લાભ ૧૨.૩૧ થી ૨.૦૬, શુભ ૩.૪૨ થી ૫.૧૭, અમૃત ૫.૧૭ થી ૬.૫૨ છે.

**દિવસની શુભ હોરા:**

શુક્ર ૪.૧૭ થી ૫.૧૨, બુધ ૫.૧૨ થી ૬.૦૯.

**રાત્રીની શુભ હોરા:**

ચંદ્ર ૬.૦૯ થી ૭.૧૨, ગુરૂ ૮.૧૬ થી ૯.૨૦, શુક્ર ૧૧.૨૭ થી ૧૨.૩૦, બુધ ૧૨.૩૧ થી ૧.૩૪, ચંદ્ર ૧.૩૪ થી ૨.૩૦, ગુરૂ ૩.૪૧ થી ૪.૪૦ છે.

**ચોપડા પૂજન–શારદા પૂજનના શુભ મુહુર્તો:**

આસો વદ શુક્રવારે અમાસ ને તા.૧-૧૦-૨૪ ના દિવસ સાંજના ૬.૧૭ સુધી અમાસ તિથી છે. આ દિવસે પણ સાંજના ૬.૧૭ સુધી ચોપડા પૂજન કરી શકાશે.

**દિવસના શુભ ચોઘડીયા:**

ચલ ૬.૫૨ થી ૮.૧૭, લાભ ૮.૧૭ થી ૯.૪૧, અમૃત ૯.૪૧થી ૧૧.૦૬, શુભ ૧૨.૩૦ થી ૧.૫૫, ચલ ૪.૪૪ થી ૬.૦૮, બપોરે અભિજીત મુહુર્ત ૧૨.૦૮ થી ૧૨.૫૩ નો છે.

**દિવસની શુભ હોરા:**

શુક્ર ૬.૫૨ થી ૭.૪૯, બુધ ૭.૪૯ થી ૮.૪૫, ચંદ્ર ૮.૪૫થી ૯.૪૧, ગુરૂ ૧૦.૩૮ થી ૧૧.૩૪, શુક્ર ૧.૨૭ થી ૨.૨૩, બુધ ૨.૨૩ થી ૩.૧૯, ચંદ્ર ૩.૧૯ થી ૪.૧૬, ગુરૂ ૫.૧૨ થી ૬.૦૮ છે.

ગુરૂવાર તા.૩૧-૧૦-૨૪ ના દિવસે દિપાવલી પ્રદોષકાળ પૂજન માટેનો સમય નીચે મુજબ છે.

પ્રદોષકાળનો શુભ સમય રાત્રે ૬.૦૯ થી ૮.૪૨, વૃષભ સ્થિર લગ્ન રાત્રે ૭.૦૦ થી ૮.૪૨, કુંભ સ્થિર નવમાંસ ૭.૧૪ થી ૭.૨૫, વૃષભ સ્થિર નવમાંશ ૭.૫૩ થી ૮.૦૩ ન છે. નિશિથ કાળનો શુભ સમય રાત્રે ૧૨.૦૫ થી ૧૨.૫૬ છે.

**નૂતન વર્ષ:**

વિક્રમ સંવત ૨૦૮૧ કારતક સુદ એકમ ને શનિવાર તા.૨-૧૧-૨૪ ના અનલ નામના સંવત્સરથી નવા વર્ષનો પ્રારંભ થશે. ચોપડામાં તિથી પુરવા, નવો વ્યાપાર શરૂ કરવા માટેના મુહુર્તો નીચે મુજબ છે.

**દિવસના શુભ ચોઘડીયા:**

શુભ ૮.૧૭થી ૯.૪૨, ચલ ૧૨.૩૦ થી ૧.૫૫, લાભ ૧.૫૫થી ૩.૧૯, અમૃત ૩.૧૯ થી ૪.૪૩ નો છે.

કારતક સુદ બીજ ભાઈબીજ ને રવિવાર તા.૩-૧૧-૨૪ છે.

કારતક સુદ પાંચમ ને બુધવાર તા.૬-૧૧-૨૪ ના લાભ પાંચમ છે. લાભ પાંચમના ચોઘડીયા જોઈએ તો દિવસના લાભ ૬.૫૫થી ૮.૧૯, અમૃત ૮.૧૯ થી ૯.૪૩, શુભ ૧૧.૦૭ થી ૧૨.૩૦, ચલ ૩.૧૮ થી ૪.૪૨, લાભ ૪.૪૨ થી ૬.૦૬ છે.

– શાસ્ત્રી રાજદીપ જોષી, વૈદાંતરત્ન

(મો. ૯૯૨૫૬ ૧૧૯૭૭)

# રાજ્યના સ્મશાનમાં કાળી ચૌદશની ભયાનકતા દૂર કરવાના કાર્યક્રમો યોજાશે

## રાજકોટના સ્મશાનમાં કાળી ચૌદશની શાનદાર ઉજવણી કરવામાં આવશે

અમદાવાદ તા.૧૮

ભારતમાં સદીઓથી કાળી ચૌદશની ગેરમાન્યતા, ગેરપરંપરા, જાત જાતની માન્યતાઓ, ક્રિયાકાંડો, કુરિવાજો, ભૂત, પ્રેત, પિશાચ, મેલીવિદ્યા, આસુરી શક્તિ, અદ્રશ્ય શક્તિ વિગેરેની સાધના કરી પ્રસન્ન કરવા જાત જાતના વિધિ–વિધાનો, નિવારણના હોમ–હવન, મંત્ર–તંત્ર, સાધના, ઉપાસના, મેલીવિદ્યાની સ્મશાનમાં લેતી–દેતી આપ–લે, ભારે દિવસ, ખોફનાક વાતો પ્રવર્તતે છે તેનું રાજયવ્યાપી ખંડન કરવાના દ્રઢ મનોબળ કેળવવાના જાગૃતિ કાર્યક્રમો સાથે રાજય કક્ષાનો રાજકોટ સ્મશાનમાં લોકસહકારથી તા. ૩૦ મી ઓકટોબર રાત્રીના નવ કલાકે મેલીવિદ્યાની નનામી, ભૂતપ્રેતનું સરઘસ, મશાલ સરઘસથી પ્રારંભ કરી સ્મશાનમાં મોડી રાત સુધી નવતર કાર્યક્રમોથી કરવામાં આવશે. રાજયમાં જાથાની શાખાઓ ઉપરાંત નાના–મોટા નગરોના સ્મશાનમાં જાગૃતિ કાર્યક્રમ આપી અંધશ્રદ્ધા દૂર કરવાના પ્રયત્નો થશે. આવતા સપ્તાહથી પસંદગીના ગામોમાં પત્રિકા વિતરણનો પ્રારંભ થશે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે સદીઓથી કાળીચૌદશની ભયાનકતા, ભ્રામક પ્રચાર, ઉપરાંત નિરર્થક ક્રિયાકાંડો સમાજમાં પ્રવર્તતે છે જેમાં ભૂત, પ્રેત, પિશાચ, ડાકણ, મામો, આસુરી શકિતની સ્મશાનમાં સાધના કરી પ્રસન્ન કરવા સંબંધી જાતજાતના ક્રિયાકાંડો કરવામાં આવે છે. જેમાં દારૂ, મટન, જેવા નૈવેદ ધરવામાં આવે છે. તો કોઈક અઘોરી મડદા ઉપર બેસી સાધના કરે છે. આસુરી શકિત ઉપર વિજય મેળવવા માટે કાળી ચૌદશ દિવસને શ્રેષ્ઠ માનવામાં આવે છે જેની હકિકત જેટલા મોઢા તેટલી વાતો સાંભળવામાં આવે છે. મેલીવિધાની ઉપાસના કરીએ તો સિદ્ધ થઈ જાય તો ગમે તેના ઉપર અજમાવી હેરાન–પરેશાન કરી શકાય છે વિગેરે વિગેરે અવૈજ્ઞાનિક, અતાર્કિક, બોગસ, કપોળકલ્પિત હકિકત મુકવામાં આવે છે. કાળીચૌદશના દિવસે હોમ–હવન, કાળભૈરવની ઉપાસના વિગેરે કરવામાં આવે છે. વાસ્તવમાં જાથાએ રાજયમાં ૩૧ વર્ષથી સ્મશાન અને કહેવાતી ખરાબ જગ્યાએ કાર્યક્રમો, ખંડન સંબંધી વાસ્તવિક કાર્યક્રમો આપ્યા છે.

તેમાં જાથાને આજ સુધી કોઈ ખરાબ પરિણામ, અસર કે એક મિનિટ/સેકન્ડ માટે પણ હાનિ–નુકશાન કે અનહોનિ થઈ નથી. માત્રને માત્ર બકવાસ, તથ્યહિન ક્રિયાકાંડો સાબિત કર્યા છે. મેલીવિદ્યા, આસુરી શકિતથી પાપડ પણ ભાંગી શકાતો નથી તેવું હજારો માણસોમાં સાબિત કર્યું છે. કાળીચૌદશના દિવસે સંધ્યા સમયે પ્રેતાત્મા ફરતા હોય છે તે હકિકતને બોગસ, ધૂળચાટતી સાબિત કરી છે. કાળીચૌદશ અશુભ છે. કુંડાળમાં પગ મુકવાથી નુકશાન થાય વિગેરે વિગેરે હંબક સાબિત કર્યુ છે. આત્મવિશ્વાસ સભર માનવીને વિશ્વનો કોઈપણ ચમત્કારિક, સાધક, ઉપાસક કે તાંત્રિક તસુભાર નુકશાન કરી શકતો નથી. લેભાગુઓથી પાપડ પણ ભાંગી શકાતો નથી તેવું સાબિત કરી આપ્યું છે. સ્મશાનમાં દ્રઢ મનોબળ કેળવવા પ્રયાસ કરવામાં આવે છે. માનસિક નબળા લોકોએ વિશ્વાસ કેળવીને જ કાર્યક્રમમાં હાજરી આપવા જણાવવામાં આવે છે. સૌને પોતાને માનવાનો અધિકાર છે તેવું જાથા માને છે. જાથાની વિચારધારાવાળા લોકોએ ખાસ હાજરી આપવી.

કાળી ચૌદશના દિવસે સંધ્યા સમયે પ્રેતાત્મા ફરતા હોય છે તે હકિકત બોગસ, હંબક સાબિત કરી લોકોમાંથી ભય દુર કરવામાં જાથા સફળ થયું છે. કાળી ચૌદશ અશુભ છે. કકડાટના કુંડાળામાં પગ મુકવાથી નુકશાન થાય છે વિગેરે કુપ્રથાને બેબુનિયાદ સાબિત કરી આપેલ છે. દ્રઢ મનોબળ, આત્મવિશ્વાસથી સભર માનવીને વિશ્વનો કોઈપણ ચમત્કારિક સાધક, ઉપાસક કે તાંત્રિક તસુભાર નુકશાન કરી શકતો નથી.

જાથાના પંડયાએ વધુમાં જણાવ્યું કે દુનિયામાં મેલીવિદ્યા જેવું કશું જ નથી છતાં તેના નામે લોકો સાથે ઠગાઈ કરવામાં આવે છે. લેભાગુઓ ભૂત, પ્રેત, પિશાચ, ડાકણના નામે તૂત ચલાવે છે. અંધશ્રદ્ધા આપણને વારસામાં મળી છે તેના પરિણામો ભોગવીએ છીએ. ખોટું અનુકરણ કરવાથી ભાવિ પેઢીને માનસિક નુકશાનીની ભેટ આપીએ છીએ તેથી કકડાટ વડા, ભજીયા મુકવાની પ્રથાને તિલાંજલિ આપી ખાદ્ય ચીજવસ્તુ, અનાજનો બગાડ બંધ કરી જરૂરીયાતમંદને આપવા જાથા અનુરોધ કરે છે. બહુધા સમાજ પાસે સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.

બુધવાર તા. ૩૦ મી રાત્રીના નવ કલાકે મુક્તિધામમાં જાગૃતો, વિજ્ઞાન પ્રેમીઓ, જાથાના શુભેચ્છકો એકઠા થઈ ત્યાં સૌ પ્રથમ મેલીવિદ્યાની નનામીને લાવી મહિલાઓ કાંધ આપશે તેની સાથે ભૂત–પ્રેતનું સરઘસ તેનો પહેરવેશ યુવાનો પહેરી ભય દૂર કરવા નાટકીય ધૂણીને મશાલ સરઘસ સાથે જોડાશે. દયાનંદ ચોકથી સ્મશાન સુધી જાગૃતિ બેનરો સાથે સ્મશાનમાં પહોંચશે ત્યાં મેલીવિદ્યાની નનામીને અગ્નિદાહ આપી તેનો ભય–કકડાટ કાયમી કાઢવામાં આવશે. નનામી ઉપર ચા બનાવી હાજર લોકોને ચુશ્કી મારવા આપવામાં આવશે. ભૂત–પ્રેતનો બિહામણો ચહેરો–ભયનો પર્દાફાશ કરવામાં આવશે. સ્ટેજ ઉપર જાગૃતિ કાર્યક્રમ આપી રાત્રીના સ્મશાનના ખાટલે ચાર ચોકમાંથી એકઠા કરેલા કુંડાળાના વડા આરોગવામાં આવશે. જાથાના પંડયા જણાવે છે કે રાજ્યમાં આવતા સપ્તાહથી જાગૃતિ પત્રિકાનું વિતરણ કરવામાં આવશે. તેમાં કાળી ચૌદશની ભયાનકતા સંબંધી અંધશ્રદ્ધા દૂર કરવાનો પ્રયત્ન છે. આ વર્ષો રાજકોટ મુક્તિધામમાં કાળી ચૌદશની ઉજવણીનું ૩૧ મું વર્ષ પુર્ણ થશે. આજ સુધી સ્મશાનમાં એક મિનિટ માટે અનહોની થઈ નથી. જાગૃતોએ સંપુર્ણ ટેકો આપ્યો છે. દેશભરમાં જાથા લોકોને જોડવાની સાથે પોતાનું જીવન–પરિવાર સુખી રહે તેવા જાગૃતિ કાર્યક્રમો આપે છે. રાજયના જિલ્લા રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, કચ્છ–ભુજ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, બોટાદ, અમરેલી, ભાવનગર, ખેડા, આણંદ, વડોદરા, અંકલેશ્વર, ભરૂચ, સુરત, નવસારી, વાપી, છોટા ઉદયપુર, ગોધરા, ડાંગ, આહવા, રાજપીપળા, સાબરકાંઠા, હિંમતનગર, ઈડર, અરવલ્લી સહીત તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ આયોજન કરવાની તૈયારી આરંભી છે તેમાં ભાગ લેવા ઈચ્છુકોએ જાથાનો સંપર્ક કરવાનો રહેશે.

જાથાના અંકલેશ ગોહિલ, નર્મળિ મેત્રા, રાજુ યાદવ, ભરત પંડયા, રવિ પરબતાણી, ભોજાભાઈ ટોયટા, દિનેશ હુંબલ, નર્ભયિ જોશી, પ્રકાશ મનસુખભાઈ, હર્ષાબેન વકીલ, ભક્તિબેન રાજગોર, ભાનુબેન ગોહેલ અનેક કાર્યકરો પ્રયોગ નિદર્શનમાં જોડાવવાના, રાજયના જિલ્લા તાલુકા, ગ્રામ્ય મથકે જાથાને ટેકો આપવા ગામેગામ સ્મશાનમાં સ્થાનિક પરિસ્થિતિ મુજબ જાગૃતિ કાર્યક્રમો આપવામાં આવશે.

## ડોળાસામાં કોડીનાર નાગરિક સહકારી બેંકનું જાણીતા કથાકાર મહાદેવ મહેતાના વરદ હસ્તે પ્રારંભ



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૮


કોડીનાર તાલુકાના ડોળાસા ગામે કોડીનાર નાગરિક સહકારી બેંક લી.ની ત્રીજી શાખા ડોળાસા બ્રાન્ચનો આજે ઉદઘાટન સમારોહ યોજાયો હતો.

કોડીનાર ખાતે ૭૪ વર્ષ થી કાર્યરત કોડીનાર નાગરિક સહકારી બેંક " ની સફળતા માં વધુ એક છોગુ ઉમેરાયું છે. કોડીનાર બાદ તાલાલા અને હવે ડોળાસા ખાતે કોડીનાર નાગરિક સહકારી બેંક નો વિધિવત પ્રારંભ થયો છે. કોડિનાર લોહાણા સમાજ ના અગ્રણી , કોડીનાર વેપારી મંડળ ના પ્રમુખ અને બેંક ના ડાયરેકટર હરિભાઈ વિઠલાણી ( હરીકાકા ) ના અધ્યક્ષ સ્થાને યોજાયેલા ઉદઘાટન સમારોહ માં તાલુકા ભરના અનેક અગ્રણીઓ, મહાનુભાવો, વેપારીઓ , ખેડૂતો, નોકરીયાતો, સહિત વિશાળ સંખ્યા ના લોકો ઉપસ્થિત રહ્યાં હતા.

જાણીતા કથાકાર ડૉ.મહાદેવ પ્રસાદજી મહેતા એ પ્રથમ દીપ પ્રગટાવી , આશીર્વચન આપ્યા હતા.બાદ શ્રીફળ વધારી, રીબીન કાપી " કોડીનાર નાગરિક સહકારી બેંકની ડોળાસા શાખાનો વિધિવત પ્રારંભ કરાવ્યો હતો.ઉપસ્થિત લોકોએ તાળીઓ થી આ શુભ ઘડી ને વધાવી હતી.

ડોળાસા શાખા ના મેનેજર બિપીનભાઈ જાની એ જણાવ્યું હતું કે આજ થી એક માસ સુધી માં જે કોઈ ફિક્સ ડિપોઝિટ કરાવશે તે તમામ ને એક ટકો વધુ વ્યાજ ચૂકવવા નો બેંક ની બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા નિર્ણય કરવા માં આવ્યો છે.આગામી દિવસો માં કોડીનાર નાગરિક સહકારી બેંક ના ડોળાસા શાખા ના ગ્રાહકો ને વીમા કવચ નો પણ લાભ મળશે.

## ખંભાળિયા દુકાન વધાવીને જતા વેપારીની રોકડ રકમ લૂંટાઈ






(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૮

ખંભાળિયામાં રહેતા એક જાણીતા વેપારી ગઈકાલે ગુરૂવારે પોતાની દુકાન વધાવીને ઘરે જઈ રહ્યા હતા, ત્યારે માર્ગમાં બે શખ્સોએ તેમને આંતરી અને પછાડી દીધા બાદ તેમની પાસે રહેલી રોકડ રકમ સાથેની થેલી લૂંટીને નાસી ગયાનો ચકચારી બનાવ પ્રકાશમાં આવ્યો છે. પોલીસ સ્ટેશન નજીક જ બનેલા આ બનાવથી શહેરભરમાં ભારે ચર્ચા મચી જવા પામી છે. પોલીસ સૂત્રોમાં જાહેર કરવામાં આવેલી આ પ્રકરણની વિગત એવી છે કે ખંભાળિયામાં રામનાથ સોસાયટીમાં રહેતા અને અહીંના જોધપુર ગેઈટ પાસે દુકાન ધરાવતા જાણીતા વેપારી અશોકભાઈ થાવરદાસ ગોકાણી (અશોકભાઈ નેતા) નામના ૬૪ વર્ષના વેપારી ગઈકાલે ગુરુવારે રાત્રિના આશરે ૯:૩૦ વાગ્યાના સમયે તેમની દુકાનેથી તેમનાથી જી.જે. ૩૭ એ ૧૧૬૭ નંબરના એકટીવા મોટરસાયકલ ઉપર બેસીને ઘરે જઈ રહ્યા હતા. તેઓ પોલીસ સ્ટેશન નજીક આવેલી એસ.એન.ડી.ટી. શાળાની પાછળના ભાગે કુંભાર પાડા વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે એકાએક ૨૦થી ૨૨ વર્ષના બે શખ્સો તેમની પાસે આવ્યા હતા અને પોતાનો સમાન ઈરાદો પાર પાડવાના હેતુથી આરોપીઓએ અશોકભાઈ ગોકાણીને ધક્કો મારીને મોટરસાયકલ પરથી પછાડી દીધા હતા. અહીં અશોકભાઈ કંઈ સમજે તે પહેલા તેમની પાસે રહેલી થેલી ઝૂંટવીને નાસી ગયા હતા. આમ, બે અજાણ્યા શખ્સોએ તેમને પછાડીને ઈજાઓ કરી, રૂપિયા ૭૩,૬૬૦ ની રોકડ રકમ તેમજ દુકાનના રોજમેળ સહિતનો મુદ્દામાલ લૂંટી ગયા હોવાની ધોરણસર ફરિયાદ અશોકભાઈ થાવરદાસ ગોકાણી દ્વારા ખંભાળિયા પોલીસ મથકમાં નોંધાવી છે. આ બનાવ બનતા અહીંના ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિ, પી.આઈ. બી.જે. સરવૈયા તેમજ એલ.સી.બી. અને એસ.ઓ.જી. સહિતનો પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને નાસી છૂટેલા બે લૂંટારૂઓનું પગેરૂ મેળવવા નજીકના વિસ્તારના સીસીટીવી કેમેરા ચકાસવા તેમજ નાકાબંધી કરવા સહિતની કામગીરી કરવામાં આવી હતી. પોલીસ સ્ટેશન નજીક જાણીતા વેપારીની થયેલી લૂંટના આ બનાવે શહેરભરમાં ભારે ચર્ચા પ્રસરાવી છે.

## મીઠાપુરમાં પત્નીની આત્મહત્યા બાદ વ્યથિત યુવાને પણ જિંદગી ટૂંકાવી : ભારે અરેરાટી





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૮

ઓખા મંડળના મીઠાપુર વિસ્તારમાં રહેતા એક પરણીતાએ થોડા દિવસો પૂર્વે આપઘાત કરી લીધાના બનાવ બાદ ગઈકાલે ગુરૂવારે તેમના પતિએ પણ ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધાના બનાવે ભારે અરેરાટી પ્રસરાવી છે. આ કરૂણ બનાવની વિગત એવી છે કે ઓખા મંડળના મીઠાપુર તાબેના સુરજકરાડી ગામે રહેતા અને ટાટા કંપનીમાં વોટર સપ્લાયમાં કોન્ટ્રાકટરમાં નોકરી કરતા જયેશભાઈ રવજીભાઈ ભરડવા નામના ૩૦ વર્ષના પ્રજાપતિ યુવાનના લગ્ન આજથી આશરે ત્રણેક માસ પૂર્વે થયા હતા. તેમના પત્નીને લગ્ન પૂર્વે ગાઝીયાબાદ - દિલ્હીના રાજીવ ઉર્ફે વિકી સક્સેના સાથે વ્યવહાર હોય, અને તેમના ફોટા વિડિયો વિગેરે રાજીવ ઉર્ફે વીકી પાસે હોય, તેના દ્વારા ફોટા અને વિડીયો સોશિયલ મીડિયામાં અપલોડ કરી દેવાતા સમાજમાં થયેલી બદનામીથી કંટાળીને તેણીએ ગત તારીખ ૧૩ ના રોજ આપઘાત કરી લીધો હતો. જે અંગેની ફરિયાદ મૃતક યુવતીના પતિ જયેશભાઈ ભરડવા દ્વારા પોતાના પત્નીને મરી જવા માટે મજબૂર કરવા સબબ ગાઝીયાબાદના વિકી સક્સેના સામે મીઠાપુર પોલીસમાં નોંધાવવામાં આવી હતી. જેને અનુલક્ષીને પોલીસે રાજીવ ઉર્ફે વીકી સક્સેનાને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. આ વચ્ચે ગુરુવારે સવારે આશરે પાંચથી છ વાગ્યાના સમયગાળા દરમિયાન જયેશભાઈ ભરડવાએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આ બનાવ બનતા દ્વારકાના ડીવાયએસપી સાગર રાઠોડના માર્ગદર્શન હેઠળ પી.આઈ. ટી.સી. પટેલ તેમજ તેમની ટીમ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. પત્નીના આપઘાત બાદ વ્યથિત હાલતમાં પતિએ પણ આ માર્ગ અપનાવી, અને જિંદગી ટૂંકાવી લીધાના આ બનાવે પ્રજાપતિ કુંભાર સમાજ સાથે ઓખા મંડળમાં ભારે અરેરાટી પ્રસરાવી છે.

## કલ્યાણપુરના ધુમથર ગામે અકસ્માતે પાણીમાં ડૂબી જતા મહિલાનું અપમૃત્યું



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૮

કલ્યાણપુર તાલુકાના ધુમથર ગામના વાડી વિસ્તારમાં રહેતા રૂપાબેન જેઠાભાઈ ભાદરવા નામના આશરે ૫૫ વર્ષના ગઢવી મહિલા ગઈકાલે ગુરુવારે બપોરના આશરે બે વાગ્યાના સમયે ગામમાં આવેલા તળાવમાં ભેંસોને લઈને ગયા હતા. તેઓ તળાવના પાણીમાંથી ભેંસોને હાંકવા એક કાંઠેથી બીજા કાંઠે જઈ રહ્યા હતા, એ દરમિયાન તેમના પગ લપસી જતા તેઓ તળાવના ઊંડા પાણીમાં ખાબક્યા હતા. જેથી સ્થાનિકો દ્વારા તંત્રને જાણ કરવામાં આવતાં આ અંગે જિલ્લા ફાયર અધિકારી મીતરાજસિંહ પરમારની સૂચના મુજબ સ્ટાફના નરેશભાઈ ધ્રાંગુ, મનસુખભાઈ મારુ, બ્રિજરાજસિંહ, જયપાલસિંહ, હરજુગભાઈ વિગેરે ફાયર ફાયટર સાથે આ સ્થળે દોડી ગયા હતા અને લાંબી જહેમત બાદ રૂપાબેનના મૃતદેહને તળાવમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. આ અંગે પોલીસને જાણ કરાતા પોલીસ દ્વારા પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી કરવામાં આવી હતી. આ બનાવની નોંધ મૃતકના પતિ જેઠાભાઈ ખેરાજભાઈ ભાદરવાએ કલ્યાણપુર પોલીસમાં કરાવી છે. આ બનાવે મૃતકના પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરાવી છે.

## રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ નોંધાયેલ તમામ લાભાર્થી ઘરે બેઠા e-kyc કરી શકે તે માટે “MY RATION" એપ્લીકેશન : મોબાઈલમાં એપ ડાઉનલોડ કરી, Face based e-KYC જાતે કરી શકશે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૮

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ નોંધાયેલ તમામ લાભાર્થી ઘરે બેઠા **e-kyc** કરી શકે તે માટે “**MY RATION**" એપ્લીકેશનમાં તૈયાર કરાઈ છે. રાશનકાર્ડ ધારક મોબાઈલમાં એપ ડાઉનલોડ કરી, **Face based e-KYC** જાતે કરી શકે છે. આ માટે સૌ પ્રથમ રાશનકાર્ડ ધારકે પોતાના મોબાઈલમાં **PLAY STORE sE "MY RATION"** એપ્લીકેશન ડાઉનલોડ કરવી ત્યારબાદ હોમ પેજ ઉપર ડાબી બાજુ ઉપરના ખૂણા ઉપર દેખાતી ત્રણ આડી લાઈનવાળા ચિહ્ન ઉપર ક્લિક કરવાનું રહેશે. ઓપન થયેલ વિકલ્પોમાં “પ્રોફાઈલ" ઉપર ક્લિક કરવાથી ઓપન થતા પેજમાં “તમારું રાશનકાર્ડ લિંક કરો" વિકલ્પ પસંદ કરતા, રાશનકાર્ડ નંબર અને આધારકાર્ડના છેલ્લા ચાર આંકડા નાખી “તમારૂ રાશનકાર્ડ લિંક કરો" પસંદ કરવાનું રહેશે. ત્યાર પછી ઓપન થતા પેજ ઉપર "હું સંમતિ સ્વીકારૂ છું" ચેક બોક્ષ પસંદ કરી "આધાર ઓટીપી જનરેટ કરો " ઉપર ક્લિક કરવાથી જનરેટ થયેલ ઓટીપી દાખલ કરી "ઓટીપી ચકાસો " ઉપર ક્લિક કરવાથી "તમારૂ રેશનકાર્ડ સફળતાપૂર્વક લિંક થઈ ગયેલ છે’’ તેવો મેસેજ સ્ક્રીન ઉપર દેખાશે. “**MY RATION**’’ એપ્લીકેશનમાં રાશનકાર્ડ લિંક થયા બાદ **Face based e-KYC** કરવા માટે એપ્લીકેશન બંધ કરી ફરી ઓપન કરવી જરૂરી છે. **e-KYC** કરવા માટે રાશનકાર્ડમાં નોંધાયેલ જે સભ્યના આધાર નંબર રાશનકાર્ડમાં સીડ થયેલ હશે માત્ર એવા જ સભ્યો એપ્લીકેશન દ્વારા **e-KYC** કરી શકશે. **"MY RATION" APP**ના હોમપેજ ઉપરના આધાર **e-KYC** મેનુ સિલેકટ કરવાથી સ્ક્રીન ઉપર દેખાતા **"Download Aadhaar FaceRd APP"** ઉપર ક્લિક કરવાથી એપ્લીકેશન ડાઉનલોડ થયા બાદ **FACE AUTHENTICATION** કરવા માટે આપેલ સૂચનાઓ ધ્યાનથી વાંચી ચેક બોક્ષ પસંદ કરી “કાર્ડની વિગતો મેળવો " ઉપર ક્લિક કરવાનું રહેશે. ત્યારબાદ રેશનકાર્ડ ચકાસી અને સ્ક્રીન પર દેખાતો કોડ દાખલ કરી “કાર્ડના સભ્યોની વિગતો મેળવો (સ્ટેપ-૧)" ક્લિક કરવાથી "આધાર **e-KYC** માટે સભ્ય પસંદ કરો" ઉપર ક્લિક કરી, જે સભ્યનું **e-KYC** કરવાનું હોય તેનું નામ પસંદ કરવાનું રહેશે. ત્યારબાદ "આ સભ્યમાં આધાર **e-KYC** કરો (સ્ટેપ-૨)" ઉપર ક્લિક કરવાથી મોબાઈલના સ્ક્રીન ઉપર પ્રદર્શિત થતી સમંતિ કાળજીપૂર્વક વાંચી અને "હું સંમતિ સ્વીકારૂ છું" ચેક બોક્ષ ઉપર ક્લિક કરવાનું રહેશે. ત્યાર પછી "ઓટીપી જનરેટ કરો (સ્ટેપ-૩)’’ ઉપર ક્લિક કરવાથી આધારકાર્ડ સાથે લિંક થયેલ મોબાઈલ નંબર ઉપર આવેલ ઓટીપી દાખલ કરી "ઓટીપી ચકાસો (સ્ટેપ -૪)" ઉપર ક્લિક કરવાથી ચહેરો કેપ્ચર(**Face Cpture**) કરવા માટે કેમેરો ઓપન થશે. **FACE AUTHENTICATION** વખતે સ્ક્રીન ઉપર દેખાતો તમારો ચહેરો કેમેરા સામે સીધો રાખો, આંખ પટપટાવો જેવી સૂચનાઓને અનુસરવાનું રહેશે. ચહેરો સફળતાપૂર્વક કેપ્ચર થયા બાદ સ્ક્રીન ઉપર આધારકાર્ડની વિગતો જેમ કે, જન્મ તારીખ, જાતિ, નામ, સરનામું દેખાશે. **e-KYC**ની મંજુરી માટે વિગતો મોકલવા માટે “મંજુરી માટે વિગતો મોકલો" ઓપ્સન ઉપર ક્લિક કરવાથી બરજી મંજુરી માટેની વિનંતી સંબંધિત પુરવઠા કચેરીને પહોંચી જશે. **MY RATION MOBILE APP**માં આ રીતે કોઈપણ રાશનકાર્ડધારક ઘરે બેઠા **e-KYC** કરી શકે છે. આ પદ્ધતિથી **silent/block** થયેલ રાશનકાર્ડનું પણ **e-KYC** કરી શકાય છે. રાશનકાર્ડમાં નોંધાયેલ જે સભ્યના આધાર નંબર રાશનકાર્ડમાં સીડ થયેલ ન હોય તે વ્યક્તિએ પોતાના રહેણાકના વિસ્તાર મુજબ સંબંધિત ઝોનલ કચેરી કે તાલુકા મામલતદાર કચેરી અથવા ગ્રામ પંચાયત કચેરીનો રાશનકાર્ડ તથા આધારકાર્ડ સાથે રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

## ખંભાળિયામાં મહર્ષિ વાલ્મીકિ જયંતિનો કાર્યક્રમ યોજાયો



### અનુસૂચિત જાતિ મોરચા દ્વારા આયોજન


(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૮

ખંભાળિયામાં દેવભૂમિ જિલ્લા ભાજપ અનુ. જાતિ મોરચા દ્વારા નગરપાલિકા યોગ કેન્દ્ર હોલ ખાતે ગુરુવારે મહર્ષિ શ્રી વાલ્મિકી જયંતિનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા અનુસૂચિત જાતિ મોરચા પ્રમુખ એડવોકેટ મહેન્દ્રભાઈ મકવાણા તથા મહામંત્રી દિનેશભાઈ મકવાણા, કરસનભાઈ જોડ, ઉપપ્રમુખ રાહુલભાઈ બેરડીયા, નગરપાલિકાના મોહિતભાઈ મોટાણી, કારોબારી ચેરમેન રેખાબેન ખેતીયા, વાલ્મિકી સમાજના પ્રમુખ રમેશભાઈ વાઘેલા,જિલ્લા ભાજપ સફાઈ સેલ આગેવાન, વાલ્મીકિ સમાજના ભાઈઓ, બહેનો તથા કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં ભવ્ય રીતે આ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. સાથે સાથે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

# યુવતિના પૂર્વ પતિએ વર્તમાન પતિનું ઢીમ ઢાળી દીધું : જૂનાગઢના ગોલાધર ગામનો ચકચારી બનાવ





જુનાગઢ તા.૧૮

જૂનાગઢ તાલુકાના ગોલાધરમાં રહેતી એક યુવતીએ કરેલા બે પ્રેમલગ્નમાં બે સ્વજનોને ગુમાવવાનો વારો આવતાં ભારે કરૂણાંતીકા સર્જાઈ છે. આજથી ચાર વર્ષ પહેલા આ યુવતીએ જે યુવક સાથે પ્રથમ પ્રેમલગ્ન કર્યા હતા તે યુવકે જ અન્ય લોકો સાથે મળી યુવતીના પિતાની હત્યા કરી હતી અને આ કેસમાં યુવક અને અન્ય લોકો જેલમાં હતા. બીજી તરફ યુવતીએ ૧૦ દિવસ પહેલા જ અન્ય યુવક સાથે બીજા પ્રેમ લગ્ન કરેલ હતા. ત્યારે જેલમાંથી છુટીને આવેલા આ યુવતીના પૂર્વ પતિએ બે ભાઈઓ સાથે મળી દંપતિ ઉપર જીવલેણ હુમલો કર્યો હતો જેમાં ગંભીર રીતે ઘેવાયેલા યુવકનો સારવાર દરમ્યાન મૃત્યું થતાં આ બનાવ હત્યામાં પલટાયો છે. આ બનાવને પગલે ભારે ચકચાર જાગી ઉઠી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢના ગોલાધર ગામમાં રહેતી ૨૪ વર્ષીય યુવતી મીતલ રોજાસરાએ ૨૦૨૦માં ગોલાધર ગામના જ અજય મકવાણા સાથે લવમેરેજ કર્યા હતા. પરંતુ, મિતલના પિતાને આ લગ્ન મંજૂર ન હોવાથી અજય મકવાણા અને તેના પરિવાર સાથે માથાકૂટ થતી રહેતી હતી. જેથી ૮ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ મિતલના પિતા જ્યારે ગાયો ચરાવવા માટે નીકળ્યા હતા ત્યારે અજય મકવાણા, તેના ત્રણ ભાઈઓ અને માતા-પિતાએ મળી તિક્ષણ હથિયારોથી હુમલો કર્યો હતો. જે તે સમયે ગંભીર રીતે ઘવાયેલા મિતલના પિતાનું મોત થતા પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા.


ભૂતકાળ ભૂલીને મિતલે નવી જિંદગીની શરૂઆત કરવા ૧૦ દિવસ પહેલા જ ગોલાધર ગામના જય કાલરિયા નામના યુવક સાથે પ્રેમલગ્ન કર્યા હતા. પરંતુ, હત્યા કેસમાં જેલમાંથી બહાર આવેલા અને પૂર્વ પત્ની પ્રેમલગ્નથી નારાજ અજય મકવાણાએ તેના બે ભાઈઓ સાથે મળી જય અને મિતલને સાત દિવસ પહેલા ગોલાધર ગામમાં જ પાઈપ અને હથિયારો વડે હુમલો કર્યો હતો. જેમાં જય કાલરિયાને ગંભીર ઈજાઓ પહોંચતા જૂનાગઢ સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જ્યાંથી વધુ સારવારની જરૂર પડતા અમદાવાદ લઈ જવાનો નિર્ણય કરાયો હતો. પરંતુ, તે અમદાવાદ પહોંચે તે પહેલા જ રસ્તામાં મોત નિપજ્યું હતું.

ગોલાધર ગામની યુવતી મિતલ કાલરીયાએ જણાવ્યું હતું કે, દસ દિવસ પહેલા જ ગોલાધર ગામના જય કાલરીયા સાથે મેં લવ મેરેજ કર્યા હતા. ત્યારે હું અને જય ગોલાધર ગામની બહાર જતા હતા ત્યારે ગામના જ ત્રણ યુવકો દ્વારા અમારા પર હુમલો કરવામાં આવ્યો હતો. ગામમાં જ રહેતા અજય મકવાણા, વિજય મકવાણા અને મિલન મકવાણાએ લોખંડનો પાઈપ, લાકડી વડે અમારા પર જીવલેણ હુમલો કર્યો હતો. આ ત્રણેય યુવકો દ્વારા મને અને જયને ઢોર મારવામાં આવ્યો હતો. જેમાં જયને માથાના ભાગે અને શરીરમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારે જયને સારવાર માટે જુનાગઢ સિવિલ લઈ જવામાં આવ્યા હતા. ત્યારબાદ સાત દિવસ જુનાગઢ સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે અમદાવાદ લઈ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં તેનું મૃત્યુ થયું છે. વર્ષ ૨૦૨૦માં મેં ગોલાધર ગામમાં જ રહેતા અને હાલમાં જ જય પર હુમલો કરનાર અજય મકવાણા સાથે પ્રેમલગ્ન કર્યા હતા. પરંતુ અજય મકવાણા સાથે મેં પ્રેમ લગ્ન કર્યા હતા તે મારા પિતાને પસંદ ન હતું. જેને લઈ મારા પિતા અને અજય મકવાણાના પરિવારને ઝઘડો થયો હતો.તે સમયે મારા પિતા ગાયો ચરાવવા જતા હતા ત્યારે અજય તેના બે ભાઈ અને અજયના માતા પિતાએ મારા પિતા પર ૨૦૨૦ માં તીક્ષણ હથિયારો વડે જીવલેણ હુમલો કર્યો હતો. જેમાં મારા પિતાનું મોત થયું હતું. ત્યારે ૧૦ દિવસ પહેલા મે જય કાલરીયા સાથે પ્રેમ લગ્ન કર્યા તેનું મન દુઃખ રાખી અમારા પર હુમલો કર્યો હતો. અને સારવાર બાદ જયનુ મૃત્યુ થયું છે અને આ બનાવ હત્યામાં પલટાયો છે. પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે તો બીજી તરફ પોતાને ન્યાય મળે તેવી માંગણી યુવતી દ્વારા કરવામાં આવી છે.

### ભારતના વડાપ્રધાનની ડીજીટલ ઈન્ડિયાની દિશા સાથે મ્યુનીસીપલ કોર્પોરેશનને કંઈ લાગતું વળગતું નથી તેની પ્રતીતી કરતો બનાવ

# જૂનાગઢના મીરાનગર મેઈન રોડની હાલત અતિ ખરાબ : લોકોને હાલાકી





## અનેકવાર સ્થાનિક તંત્રને તેમજ મુખ્યમંત્રીને રજુઆત કરાઈ છતાં ૧૦ મહિનામાં ઉકેલ નહીં આવતા હવે વડાપ્રધાનને પણ રજુઆત કરાશે : અમૃત દેસાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ શહેરના લોકોની કમનસીબી કહો કે કરમ કઠણાઈ સ્થાનિક કક્ષાએથી જે કામો થવા જોઈએ એટલે કે જનતાના પાયાના પ્રશ્નો એવા લાઈટ, પાણી, ગટર, રસ્તા સહિતના પ્રશ્નો અંગે સીધુ જ મહાનગરપાલિકાના શાસકો અથવા તો જવાબદાર તંત્રને રજુઆત કરવાથી જ આ પ્રશ્નનો ઉકેલ આવી જવો જોઈએ પરંતુ જૂનાગઢમાં એમ થતું નથી. લોકોએ તેમજ કોર્પોરેટરો તેમજ ધારાસભ્યોએ પણ લોકોના પ્રશ્ને જ્યારે જૂનાગઢના જવાબદાર તંત્રને રજુઆત કરવા છતાં કોઈ ઉકેલ આવતો ન હોય આખરે ગુજરાતના મુખ્યમંત્રી સમક્ષ નાનામાં નાની બાબતો માટે રજુઆતો કરવી પડે છે એ શરમજનક બાબત ગણી શકાય. આવું જ મીરાનગરના રહેવાશીઓને પણ થયું છે. આ વિસ્તારના જાગૃત નાગરિક અમૃતભાઈ દેસાઈએ અનેકવાર સ્થાનિક તંત્ર તેમજ મુખ્યમંત્રીના કાર્યાલયે પણ રજુઆતો કરવા છતાં મીરાનગરના મેઈન રોડનો પ્રશ્ન હલ થયો નથી અને લોકો અતિ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે ત્યારે આ વિસ્તારના લોકોની મુશ્કેલીને સમજી અને મીરાનગરના મેઈન રોડના રસ્તાનું કામ તાત્કાલીક અસરથી પૂર્ણ કરાવી અને લોકોને સાચા અર્થમાં આઝાદી અપાવવાની રજુઆત ઉચ્ચ કક્ષાએ કરી છે. જૂનાગઢ મહાનગરપાલિકાનું અસ્તિત્વ આવ્યાના બે દાયકા કરતા વધારે સમય થયો છે અને સૌથી વધારે શાસન ભારતીય જનતા પાર્ટીનું રહ્યું છ. આ સમયગાળા દરમ્યાન સ્થાનિક કક્ષાએ મનપાનું શાસન ભાજપના હાથમાં ગુજરાતમાં ભાજપની સરકાર અન કેન્દ્રમાં પણ ભાજપની સરકાર હોય અને શહેરી વિકાસ અંતર્ગત જૂનાગઢ મનપાને અઢળક નાણાંઓની ફાળવણી કરવામાં આવતી હોવા છતાં પણ અણઘડ વહિવટના કારણે જૂનાગઢ શહેરના લોકોને પ્રાથમિક સુવિધાના પ્રશ્ને ક્યારેય સુખની સીળી છાયડી પડી નથી. જૂનાગઢ શહેરના રસ્તાઓનો તો આખો ઈતિહાસ રચાયો છે. કોઈ વિસ્તાર એવો નહી હોય કે જ્યાં રસ્તા સારા હય અને પ્રજા હાડમારીનો સામનો કરી રહી છે. દરમ્યાન જૂનાગઢ શહેરના વોર્ડ નં-પમાં આવેલ મીરાનગર મેઈન રોડ સંપૂર્ણ નાશ પામેલ હોય અને આ વિસ્તારના લોકો છેલ્લા ૧૦-૧૦ મહિનાથી રસ્તાના પ્રશ્ને ભારે હાડમારી વેઠી રહ્યા છે. સ્થાનિક કક્ષાએથી લઈ મુખ્યમંત્રી સુધી રજુઆતોનો દોર કરવામાં આવેલ છે પરંતુ આજ દિવસ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી ત્યારે ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ અગ્રણી તેમજ જાગૃત નાગરિક અમૃત દેસાઈએ મુખ્યમંત્રીને વધુ એક પત્ર પાઠવી અને જૂનાગઢ શહેરના મીરાનગરના રહેવાસીઓને રસ્તાની કષ્ટદાયક પીડામાંથી મુક્તિ અપાવવાની માંગણી કરી છે અને આ બાબતે તત્કાલ કાર્યવાહી કરવામાં નહી આવે તો આખરે વડાપ્રધાનને પણ રજુઆત કરવામાં આવશે તેમ આ પત્રમાં જણાવ્યું હતું. મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં અમૃતભાઈ દેસાઈએ રજુઆત કરતા જણાવ્યું હતું કે, જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર-પમાં આવેલ મીરાનગર મેઈન રોડ સંપૂર્ણ નષ્ટ પામેલ હોય તેમજ આ વિસ્તારમાં રહેતા લોકો છેલ્લા દશ માસ કરતાં પણ વધુ સમયથી પરેશાની ભોગવી રહ્યા છે ત્યારે વારંવાર રજૂઆત કરવા છતાં પરિણામ શૂન્ય રહેવા પામ્યું છે. આ અંગે મુખ્યમંત્રી કાર્યાલયને પણ વારંવાર રજૂઆત કરી છે છતાં પરિણામલક્ષી કાર્યવાહી થયેલ નથી. વધુમાં આ વિસ્તારમાં બાળકો ને સ્કુલે જવાની મુશ્કેલીને પણ ધ્યાન ઉપર લીધી નથી. સિનિયર સિટીઝન પણ ખુબ પરેશાની ભોગવી રહ્યા છે. રાજ્ય સરકાર સતત વિકાસ અંગે પ્રયત્નશીલ છે તેમજ વિકાસ પખવાડિયાની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે કાદવ કીચડમાંથી પસાર થઈ સ્કુલે જતા બાળ માનસ ઉપર વિપરીત અસર પડી રહી છે. એ વાત પણ ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે અન્યથા માત્ર કાગળ ઉપર થતી ઉજવણીથી વિકાસ ગાથા ગાવાની પધ્ધતિ લોકશાહીના મુલ્યથી વિપરીત છે. વારંવાર રજૂઆત વારંવાર વિનંતી કરવા છતાં પરિણામ શૂન્ય રહેવા પામ્યું છે ત્યારે આ છેલ્લા પત્ર દ્વારા વિનમ્ર ભાવે ફરી એક વાર વિનંતિ કરીએ છીએ કે આ રજૂઆતને ધ્યાને લઈને ચોક્કસ પરિણામલક્ષી કામગીરી માંગ છે. વધુમાં અત્યાર સુધી સીએમ ઓફિસ દ્વારા માત્ર ઈમેલ દ્વારા ફોરવર્ડ કરેલા મેસેજના પ્રત્યુત્તર જ મળ્યા છે તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઈમેલની રજૂઆતનો એક પણ પ્રત્યુત્તર આપ્યો નથી. મતલબ કે વડાપ્રધાનની ડિજિટલ ઈન્ડિયાની દિશા સાથે મ્યુનિસિપલ કોર્પોરેશન જૂનાગઢને કાંઈ લાગતું વળગતું જ નથી એવું પ્રસ્થાપિત થઈ રહ્યું છે. આશા વ્યક્ત કરીએ કે જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વોર્ડ નંબર-પમાં મીરાનગર વિસ્તારમાં ચાલતાં રસ્તાના કામમાં ગતિ આવશે અને દશ માસ કરતાં વધુ સમયથી પરેશાની ભોગવી રહેલ પ્રજા આવનાર નવ નવેમ્બર જૂનાગઢના મુક્તિ દિવસના દિવસે ગુલામીમાંથી મુક્તિનો આનંદ માણી શકશે. કૃપા કરીને અસહ્ય પીડા ભોગવી રહેલ આ વિસ્તારમાં રહેતા લોકોની વેદનાને વાચા આપવાનો પ્રયાસ કાગળ ઉપર નહી પરંતુ પરિણામલક્ષી થશે એજ અપેક્ષા પત્રના અંતે અમૃત દેસાઈ દ્વારા કરાઈ છે.

# જૂનાગઢની બે બિલ્ડર પેઢીમાં ઈડીએ પાડેલા દરોડા

### ગઈકાલે ઈડીની ટુકડી ત્રાટકતા તપાસનો ધમધમાટ : શહેરમાં અનેક ચર્ચા

જૂનાગઢ તા.૧૮

ગુજરાતમાં ૨૦૦ થી વધુ બોગસ પેઢીઓ રજીસ્ટર કરાવી અને કરોડો રૂપિયાના બોગસ બીલો જનરેટ કરીને કરોડો રૂપિયાની બોગસ ઈનપુટ ટેકસ ક્રેડિટની તપાસમાં ઈડીની ટીમ દ્વારા રાજયભરમાં એકસાથે ૨૨ થી વધુ સ્થળે ત્રાટકી અને દરોડાની કામગીરી કરવામાં આવી હતી. દરમ્યાન ગઈકાલે જૂનાગઢની બે બિલ્ડર પેઢીમાં પણ ઈડીએ ત્રાટકી અને તપાસની કામગીરી હાથ ધરતાં બિલ્ડર વર્તુળમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો. અને દિવસ દરમ્યાન સતત ચર્ચાઓ અને તર્કો કરવામાં આવી રહ્યા હતા. જોકે, ઈડીની આ તપાસમાં વાંધાજનક મેટર બહાર આવી કે કેમ, તે અંગે કોઈ માહિતી તપાસનીશ અધિકારીઓ દ્વારા જારી કરવામાં આવી નથી અને જૂનાગઢ શહેરમાં ગઈકાલે ઈડીના દરોડા પ્રશ્ને ચર્ચાનું બજાર ગરમ રહ્યું હતું.

આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર ૧૦ દિવસ પહેલા રાજયભરમાં જીએસટી દ્વારા વ્યાપકપણે સર્ચ ઓપરેશન ચલાવાયા બાદ ગુરૂવારે કેન્દ્ર સરકારના એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ દ્વારા કરચોરી પકડવા માટે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં જૂનાગઢ શહેરના બે બિલ્ડરો પણ ઝપટમાં આવી ગયા હતા. જૂનાગઢના ઝાંઝરડા રોડ પર આવેલી બી.જે. ઓડેદરા અને આર.એમ. દાસા ઈન્ફ્રાસ્ટ્રકચર નામની પેઢીઓમાં ઈડીએ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને જૂનાગઢ પોલીસને સાથે રાખીને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. બંને પેઢીઓ કન્સ્ટ્રકશનના વ્યવસાય સાથે સંકળાયેલી છે. બંને પેઢીઓએ બાંધકામના વ્યવસાયમાં જ કરચોરી કરી છે.

બી.જે. ઓડેદરા કંપનીના પ્રોપરાઈટર ભગીરથ ભોજાભાઈ ઓડેદરા, કેશુભાઈ જેસાભાઈ ઓડેદરા, ભોજાભાઈ ઓડેદરા અને એભાભાઈ ઓડેદરા નામની વ્યક્તિઓ આ પેઢી સાથે સંકળાયેલી હોવાનું બહાર આવ્યું છે. જયારે આર.એમ. દાસા ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લિ.માં નાથાભાઈ મેરૂભાઈ દાસા, રણમલભાઈ મેરૂભાઈ દાસા હોવાનું જાણવા મળ્યું છે. ગુરૂવારે કલાકો સુધી બંને પેઢીઓમાં સર્ચ ઓપરેશન દરમ્યાન કેટલી કરચોરી બહાર આવી એની વિગતો જોકે, હજી સુધી ઈડીએ પ્રસિધ્ધ કરી નથી. જૂનાગઢમાં ગત તા.૭ ઓકટોબરે પણ જીએસટી વિભાગે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

# આવતીકાલે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે નિદાન કેમ્પનું આયોજન : બોડી ફેટ એનાલાઈઝર મશીન દ્વારા શરીરના બાંધાનું એનાલીસીસ કરી અપાશે

જૂનાગઢ તા.૧૮

જીએમઈઆરએસ સિવિલ હોસ્પિટલ ખાતે આવતીકાલે વિનામૂલ્યે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં બોડી ફેટ એનાલાઈઝર મશીન દ્વારા શરીરમાં રહેલ ફેટ એટલે કે, ચરબી, મસલ, માંસ (સ્નાયુઓ), હાડકા, તથા શરીરના બાંધા અંગેની માહિતી મશીન દ્વારા એનાલીસીસ કરી આપવામાં આવશે.

આ મફત નિદાન કેમ્પનું આયોજન આવતીકાલ સવારે ૧૦ કલાકે સિવિલ હોસ્પિટલના બીજા માળે, રૂમ નં.૨૧૩ સર્જરી ઓપીડી હોલમાં રાખવામાં આવેલ છે. જેમાં સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરો વિનામૂલ્યે સેવાઓ આપશે. આ કેમ્પનો બહોળી સંખ્યામાં લાભ લેવા જૂનાગઢ સિવિલ હોસ્પિટલના મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.કૃતાર્થ બ્રહ્મભટ્ટે જણાવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ સિવિલ હોસ્પિટલ જૂનાગઢ સહિત ત્રણ જીલ્લાના લોકો માટે લાઈફલાઈન ગણાય છે. અને દરરોજ સેંકડોની સંખ્યામાં ઓપીડી તેમજ ઈન્ડોર દર્દીઓની સારવાર કરવામાં આવે છે. જૂનાગઢ સિવિલ હોસ્પિટલના કર્તવ્યનિષ્ઠ મેડી. સુપ્રિ. ડો.કૃતાર્થ બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ દર્દીઓની સુખાકારી અને સેવા માટે ખાસ તકેદારી રાખવામાં આવે છે અને અવાર-નવાર સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરોના કેમ્પ યોજી દર્દીઓની સેવા કરવામાં આવે છે.


ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં શિક્ષણ
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેશનથી તદ્દન નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપેક વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું



● હરકયુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેક્સી ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત) મો.૯૯૦૪૦ ૩૪૨૦૮



સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
પ્યોર આખી મોરો જૂની સોપારી ૧ કિલોનાં રૂા. ૫૯૦ ફકત / આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
ગુલાબાવાડી પાસે, ખોજાવાડ ચોક નજીક સૌરાષ્ટ્ર ભુમિ દૈનિક (બ્યુરો ઓફીસ) જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨